શ્રી ગોડી પાર્શ્વનાથાય નમઃ
શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-
ગુણ-ગુણોદય-કલા-કવીં-વીર-મહોદય ગુરુભ્યો નમઃ

# શ્રી ગોડી પાર્શ્વનાથજી

**દિવ્ય કૃપા**

**તપ ચક્રવર્તી, જિનશાસન શિરોમણી**
**અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.**
**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**
**આગમ અભ્યાસી પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.શાસન પ્રભાવિકા**
**પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**
**શાંત મૂર્તિ પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.**

**સંપાદન**

**ક્રિયોદ્ધારક, શુદ્ધ સંયમી, મુનિ મંડલ અગ્રેસર**
**પ.પૂ. દાદાસાહેબ શ્રી ગૌતમસાગરજી મ.સા.**

**સહ સંપાદન**

**શાંતમૂર્તિ, બાલબ્રહ્મચારી**
**પ.પૂ. નીતિસાગરજી મ.સા.**

**સંકલન**

**ગુણોદય-મુક્તિ-જય આશિષે**
**સા. જયદર્શિતાશ્રીજી**

**પ્રકાશક**

**શ્રી શત્રુંજય એકેડમી - ચાલીસગામ**

## સંપાદન

ક્રિયોદ્ધારક, મુનિમંડલ અગ્રેસર

દાદા સાહેબ પ.પૂ. ગૌતમસાગરજી મ.સા.

પ.પૂ. નીતિસાગરજી મ.સા.

## સંકલન

ગુણોદય-મુક્તિ-જય આશિષે

સા. જયદર્શિતાશ્રીજી


પ્રત – ૫૦૦

પ્રકાશન સં. ૨૦૮૨ * ઈ.સ. ૨૦૨૫


## પ્રાપ્તિ સ્થાન


શ્રી શત્રુંજય એકેડમી

શ્રી પદ્મપ્રભસ્વામી જૈન દેરાસરજી

સ્ટેશન રોડ, ચાલીસગામ

# આપશ્રીને આપનું અર્પણ...

ભવ્ય જીવ ઉદ્ધારક...

શુદ્ધ માર્ગ દર્શક...

મૂળ માર્ગ ક્રિયોદ્ધારક...

બાલ બ્રહ્મચારી...

મુનિ મંડલ અગ્રેસર...

૧૦૮ પરમ પૂજ્ય

**શ્રી ગૌતમસાગરજી મ.સા.ના**

કર કમલમાં

આદર સહ અર્પણ.

**સા. જયદર્શિતાશ્રીજી**

# મનની વાત

જિનશાસન શિરોમણી, તપ પ્રભાવક, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિ મહારાજા...

સુવર્ણ વરસીતપનો અમુલ્ય અવસર...

હજારો સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા વરસીતપમાં જોડાયા...

તપમાં કાયર મારો આત્મા દુભાયો...

પૂજ્ય ગુરુદેવ માટે હું શું કરી શકું ?

અંદર ઝબકારો થયો...

શુભ પળે પચાસમા વરસીતપે પચાસ પુસ્તકોના પ્રકાશનનો સંકલ્પ થયો... ચારે બાજુથી સહકાર - સહયોગ માર્ગદર્શન મળતું રહ્યું. એ સમયે પ્રવર્તિની - મહત્તરા, પ્રવચન પ્રભાવિકા, મુજ હિતચિંતક પ.પૂ. રત્નરેખાશ્રીજી મ.સાહેબે એક નોટબુક આપી. કહ્યું - ''જયદર્શિતાશ્રી ! આમાં દાદાસાહેબનું સંપાદન માટે લખાવેલ શ્રી ગોડીયા પાર્શ્વનાથનો વૃત્તાંત છે. તમે એનું વ્યવસ્થિત સંકલન કરીને છપાવો એવી મારી ઈચ્છા છે.''

એ સમયે બીજા પ્રકાશનમાં વ્યસ્ત હોવાથી એમની

હાજરીમાં આ પુસ્તક છપાવી ન શકી. એનો સદા અફસોસ રહેશે. હજી એમણે આપણા પૂર્વાચાર્યનું શ્રી આદિનાથ ચરિત્ર છપાવવાની ભલામણ કરી હતી એ હજી બાકી છે. સત્વરે એ પ્રકાશન શક્ય બને એવી અંતરની ભાવના છે.

આજે આ ગોડીયા પાર્શ્વનાથજીનો ઈતિહાસ છપાવવાના અવસરે પૂજ્યશ્રીના ઋણ સ્વીકાર કરું છું. નતમસ્તકે એમની ક્ષમા માંગુ છું.

પૂજ્યશ્રીએ જે નોટબુક આપી છે એમાં ફક્ત ભાષા સુધારો જ્યાં અત્યંત જરૂરી લાગ્યો ત્યાં જ કર્યો છે. વૃત્તાંતના અંતે પટ્ટાવલી આપવામાં આવી છે અને સંપાદક તરીકે મુનિમંડલ અગ્રેસર દાદા ગૌતમસાગરજી મહારાજ તથા પ.પૂ. નીતિસાગરજી મ.સા.ના નામ છે તથા આ વૃત્તાંત લખાવ્યાનો સમય મહાસુદ ૧૫ શુક્રવાર સં.૧૯૯૫ જણાવવામાં આવ્યો છે.

જેવું મને મળ્યું એવું જ છાપ્યું છે. આમાં મારું કશું જ નથી. લખાણમાં ક્યાંય જિનાજ્ઞા વિરુદ્ધ અથવા લખનારના આશય વિરુદ્ધ છપાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

– સા. જયદર્શિતાશ્રીજી

|| શ્રી ગોડી પાર્શ્વનાથાય નમઃ ||

|| શ્રી પરમેશ્વરાય નમઃ || || શ્રી ગૌતમસ્વામિને નમઃ||

## || શ્રી વિધિપક્ષ ગચ્છ શ્રી ગોડીયા પાર્શ્વનાથજીનું વર્ણન લિખ્યતે ||

આ જંબુદ્વીપને વિષે ભરત ક્ષેત્ર છે... જેમાં છ ખંડ છે... બત્રીસ હજાર દેશ છે... તેમાં સાડા પચ્ચીશ દેશ આર્ય છે. તેમાં પણ ઉત્તમોત્તમ **કાશી** દેશ છે. આ દેશ મહાન શોભાવાળો છે. કાશી દેશમાં તિલક સમાન મુખ્ય વાણારસી નગરી ઘણી સુશોભિત છે.

આ અવસર્પિણીમાં ચોવિસ તીર્થંકર થયા છે. તેમાં પ્રથમ શ્રી ઋષભદેવજીથી માંડીને બાવીસ તીર્થંકર થઇ ગયા. તે સમયે વાણારસી નગરીમાં અશ્વસેન રાજા રાજ્ય કરે છે. એમના શીલાદિ ગુણોથી શોભતા વામાદેવી રાણી છે. હવે જે વખતે ચોથા આરાના ત્રણસો ને ચોપન વર્ષ અને સાડા પાંચ મહિના બાકી રહ્યા ત્યારે, દસમા પ્રાણત દેવલોકથી ચ્યવીને વીસ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરીને પાર્શ્વનાથજીનો જીવ વામાદેવીની કુક્ષીમાં ચૌદ સ્વપ્ન સુચિત ઉત્પન્ન થયો. પછી માગસર વદિ દસમના શુભ દિવસે પ્રભુજીનો જન્મ થયો. ચોસઠ ઇન્દ્રોએ મળીને મેરૂપર્વત ઉપર સ્નાત્ર મહોત્સવ કર્યો. અનુક્રમે યૌવન વય પામી પ્રભુ પ્રભાવતી કન્યાને પરણ્યા.

ત્રીસ વરસ ગૃહવાસમાં રહીને સંસાર સુખ ભોગવીને દીક્ષા લઇ... કર્મ ક્ષય કરી... કેવલી થઇ મોક્ષે પહોંચ્યા... આ જિનને નમન કરતાં અનંત સુખ પામીએ. એવા શ્રી પાર્શ્વનાથજી હજાર નામથી પ્રસિદ્ધ થયા છે. જૈન તથા જૈનેતરમાં શ્રી પાર્શ્વનાથજીનું નામ પ્રસિદ્ધ છે. જૈનનું મંદિર હોય તો જૈનેતર કહે છે કે પાર્શ્વનાથજીનું મંદિર છે. એવી રીતે શ્રી પાર્શ્વનાથજીનું નામ વિશ્વમાં બહુ પ્રસિદ્ધ છે.

ચાલો ! હવે આપણે આસરે સાડા ત્રણસો વરસ પહેલાના ઇતિહાસમાં પ્રસિદ્ધ પ્રસંગને અને પાર્શ્વનાથ પ્રભુના મહિમાને જાણવા અને માણવા સાવધાન બનીએ.

સ્થળ છે થરપારકર દેશનું સુરપાટણ ગામનું...

થરપારકર દેશના સુરપાટણ ગામમાં એ સમયે દધિપક્વ વંશના...

સોઢા પરમાર જ્ઞાતિના રાણા મહિપાલ નામે ક્ષત્રિય રાજા રાજ્ય કરતા હતા. ત્યાં ઘણા દ્રવ્યવાન વેપારીઓ વસતા હતા. એકદા વિ.સં. ૧૧૯૮માં શ્રી વિધિપક્ષ ગચ્છ સ્થાપક શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય ઉપાધ્યાય શ્રી જયસિંહજીએ સુરપાટણમાં ચોમાસુ કર્યું. આરાધનામય ચાતુર્માસ નિર્વિઘ્ને સંપન્ન કરી ઉપાધ્યાયજી ભગવંત એજ

દેશમાં ભવ્ય જીવોને ઉપદેશ આપતાં વિચરતાં વિચરતાં ફરીને સુરપાટણમાં પધાર્યા.

તે સમયે નગરીમાં મરકીનો ઉપદ્રવ બહુ ફેલાયો હતો. તેથી સુરપાટણના રાણા મહિપાલ રાજાએ મરકી રોગના શાંતિ માટે ઘણું દ્રવ્ય ખર્ચીને ઘણા ઉપાયો કર્યા. પરંતુ રોગ શાંત થયો નહિં. રાજાએ એક દિવસ પોતાના ધરણ નામના મંત્રીને બોલાવીને કહ્યું – ''આપણા નગરમાં મરકી રોગની શાંતિ માટે હવે શું ઉપાય કરીશું ?''

રાજાના મુખે આવા વચન સાંભળી ધરણ મંત્રીએ રાજાને કહ્યું – ''હે સ્વામિ ! તમે જરા પણ ચિંતા કરશો નહિં. આપણા નગરમાં આજ વરસે જૈન સાધુ ઉપાધ્યાય શ્રી જયસિંહજી ગુરુ મહારાજ ચોમાસુ કરી ગયા છે, તેજ ગુરુમહારાજ પાછા વિહાર કરતાં પધાર્યા છે. તેથી આપની ઈચ્છા હોય તો તેમનીપાસે જઈને પુછીએ.''

ધરણ મંત્રીના વચનો સાંભળી મહિપાલ રાજાએ કહ્યું – ''હે મંત્રી ! એ કામમાં ઢીલ કરવા જેવું નથી.''

તેથી મંત્રીએ કહ્યું – ''હે સ્વામિ ! તો હમણાં જ ચાલો.''

રાજા મહિપાલ ધરણ મંત્રીને સાથે લઈને ઉપાધ્યાય

શ્રી જયસિંહજી મહારાજ પાસે ઉપાશ્રયમાં આવ્યા અને વિનય પૂર્વક વિધિ સહિત વંદન કરીને યોગ્ય સ્થાને બેઠા. પછી ધરણ મંત્રીએ નગરમાં ફેલાયેલા મરકીના ઉપદ્રવથી ગુરુ મહારાજને વાકેફ કર્યા. ''ગુરુદેવ ! હવે આપશ્રી આ મરકીનો ઉપદ્રવ શાંત થાય એવો કોઇ ઉપાય બતાવો જેથી અમારા રાજા અને પ્રજા બન્ને શાંતિ પામે. આપ સાહેબ કૃપા કરીને કોઇ પણ રીતે શાંતિ કરી આપો.''

મંત્રીજીના આવા વચન સાંભળી ગુરુ મહારાજશ્રીએ કહ્યું - ''હે રાજા ! તમારે જરા પણ ચિંતા કરવા જેવું નથી. ધર્મના પ્રભાવથી જ સર્વથા શાંતિ થઇ જશે. તમે આવતી કાલે જ પ્રભાતે આવશો એટલે ઉપાય બતાવશું.''

ગુરુ મહારાજની વાત સાંભળી રાજા અત્યંત ખુશ થયા. ગુરુદેવને વંદન કરી મંત્રી સહિત પોતાના સ્થાને ગયા.

પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી જયસિંહ ગુરુએ રાત્રીએ શાસનદેવી ચક્રેશ્વરીજીનું ધ્યાન કર્યું... દેવી અલ્પ સમયમાં પ્રત્યક્ષ થયા અને કહ્યું - ''હે ગુરુદેવ ! શા માટે મારું સ્મરણ કરી... મને યાદ કરી બોલાવી છે ?''

ત્યારે પૂ. ઉપાધ્યાય શ્રી જયસિંહજીએ કહ્યું - ''હે દેવી ! આ નગરીમાં મરકીના રોગનો ઉપદ્રવ થવાનું કારણ શું

છે ? અને હવે આ ઉપદ્રવ કેવી રીતે શાંત થશે?'

દેવી ચક્રેશ્વરીએ કહ્યું - ''પૂજ્ય ગુરુદેવ ! આ નગરની બહાર તલાવની પાળ ઉપર એક યક્ષનું મંદિર છે. તે યક્ષની રાજાએ આશાતના કરી છે. તેથી તે યક્ષ રાજા ઉપર કોપાયમાન થયો છે. તેથી રાજાને અશાંતિ ઉપજાવવા યક્ષે મરકીનો ઉપદ્રવ કર્યો છે. તેની શાંતિ માટે આવતી કાલે તમારા ગુરુ મહારાજ શ્રી આર્યરક્ષિત-સૂરીશ્વરજી મ.સા. પધારશે, તેમના ચરણકમલને જલથી પક્ષાલ કરી... પૂજન કરીને તે જલને આખા નગરની અંદર તથા બહાર ચારે દિશાઓ તથા વિદિશાઓમાં છાંટશો. એટલે તે શ્રી આચાર્ય ભગવંતના અતિશયથી તે યક્ષ શાંત થઇ જશે... અને મરકી રોગનું સંહરણ કરી લેશે. તેથી રાજા અને પ્રજાને શાંતિ થશે. હમણાં જ હું રાજા મહિપાલને પણ તમારી જેમ વિગત સ્વપ્ન દ્વારા કહીશ.'' એમ કહી દેવી અદૃશ્ય થઇ ગયા. તરત રાજા મહિપાલને સ્વપ્નની અંદર સર્વ વાત કહી.

હવે પ્રભાતે મંત્રી ધરણને સાથે લઇને રાજા ગુરુ મહારાજ પાસે ઉપાશ્રયમાં આવ્યા. વિધિપૂર્વક વંદન કરીને ગુરુ મહારાજની સન્મુખ બેઠા. ઉપાધ્યાયજીએ રાજાને રાત્રીમાં ચક્રેશ્વરી માતાજીએ કહેલ સર્વ વૃત્તાંત કહી

સંભળાવ્યો. તે સાંભળીને રાજા મહીપાલ બે હાથ જોડીને શ્રી ઉપાધ્યાય મહારાજને કહેવા લાગ્યા કે – ''હે પૂજ્ય ! આપ સાહેબે જેમ મારી પાસે વાત કરી તેમજ આજે રાત્રીને અંતે મેં સ્વપ્ન જોયું છે. એમ જણાવીને રાજા મંત્રી સહિત વંદન કરી ઉઠ્યા. તેજ સમયે ગુરુ મહારાજ શ્રી આર્યરક્ષિતસૂરિ પોતાના વિશાળ પરિવાર સાથે સુરપાટણ નગરની બહાર પધાર્યા, તેના સમાચાર રાણાસાહેબને તથા ઉપાધ્યાયશ્રી જયસિંહને મળ્યા. હવે સંઘ સહિત મહિપાલ રાજા – મંત્રી ધરણ શા અને ઉપાધ્યાયજી સાથે મળીને વંદન કરવા ગયા. સામૈય્યાથી નગરમાં પ્રવેશ કરાવી ઉપાશ્રયમાં બિરાજમાન થયા. ગુરુ મહારાજે ઉપદેશ આપ્યો તે સાંભળી રાણાને ઘણો જ સંતોષ થયો. બધા સ્વસ્થાને ગયા.

પછી રાણા મહીપાલ રાજાએ શા. ધરણ મંત્રીને કહ્યું કે – ''આ સૂવર્ણનો થાળ અને ચાંદિનો લોટો અચિંત્ય જળથી ભરીને તમે જાઓ. આજે પધારેલા શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી ગુરુદેવના ચરણો પખાલી, તે જલની સાથે બીજું શુદ્ધ જલ ભેળવીને આપણા નગરમાં, ઘરોઘર, શેરીએ શેરીમાં, ચકલે-ચકલે, બજારે-બજારોમાં તથા આખા નગરની અંદર તથા બહાર સર્વ સ્થાને તે જલને છંટાવો. આવી રીતે રાજાનો હુકુમ

સાંભળી ધરણ મંત્રીએ એ પ્રમાણે કર્યું. દયાના ભંડાર એવા શ્રી આર્યરક્ષિતસૂરિએ નગરની રક્ષા અને શાંતિ અર્થે એમ કરવાની રજા આપી. મહાન ચારિત્રધર આત્માઓનો કેવો અદ્‌ભૂત પ્રભાવ હોય છે ? રાજાજ્ઞા પ્રમાણે ગુરુ ચરણોદકમાં શુદ્ધ જલ ભેળવીને નગરની અંદર - બહાર તથા તળાવની પાળ ઉપર, યક્ષના મંદિરમાં વિગેરે ઠેકાણે છંટકાવ્યો. તે જલ છાંટતા જ ગુરુ મહારાજના ચરણોદકના પ્રભાવથી જ તે યક્ષ મહિપાલ રાજા ઉપર કોપાયમાન થયેલ તે શાંત થયો. અને એણે મરકીના રોગને સંહરી લીધો. તે યક્ષ ગુરુ મહારાજ પાસે આવી એમના ચરણોમાં નમી પડ્યો. નગરમાં આનંદ-આનંદ થઇ ગયો. સર્વત્ર શાંતિ ફેલાઇ. તે શ્રી ગુરુનો પ્રભાવ જાણી મહિપાલ રાજાએ ઘણા દ્રવ્યો સાથે, હીરા, માણેક, મણી, મોતીના થાળ ભરીને ગુરુ મહારાજ પાસે ભેટ મૂકીને ગુરુને વંદના કરી. પરંતુ ગુરુ નિઃસ્પૃહ હોવાથી તેમણે કાંઇ પણ લીધું નહીં. એટલે મહિપાલ રાજાએ જૈન ધર્મ તથા જૈન સાધુઓની પોતાની રાજસભામાં ઘણી જ પ્રશંસા કરી. રાજ્યસભામાં બેઠેલા સહુની સમક્ષ શા. ધરણમંત્રીને બોલાવીને કહ્યું - ‘‘હે મંત્રીશ્વર ! મેં ઘણા ધર્મના સાધુઓને જોયા છે પણ જૈન ધર્મના સાધુઓમાં જે ત્યાગ અને વિદ્યા છે

તે બીજાઓમાં નથી.''

મહિપાલ રાજા ઉપર જૈન ધર્મનો તથા પૂજ્ય આર્યરક્ષિતસૂરીશ્વરજી ગુરુનો મહાન પ્રભાવ પડ્યો. એમણે ગુરુથી પ્રતિબોધ પામીને શ્રાવકના બાર વ્રત ગ્રહણ કર્યા. તેઓ શુદ્ધ વ્રતધારી શ્રાવક બન્યા. એમના મોટા સુપુત્ર ધર્મદાસ સહિત ઘણાઓએ પોતાની શક્તિ મુજબ વ્રત - પચ્ચક્ખાણ લીધા. સર્વત્ર જિનશાસનનો જયજયકાર થયો.

ગુરુ મહારાજે તે રાણા મહિપાલ રાજાને ઉપદેશ આપી ઉપકેશ વૃદ્ધ શાખા (વીશા ઓસવાલ જ્ઞાતિ)માં જોડાવી દીધા. પછી આખા ગામને ઘણી જાતની મિઠાઇનું ભોજન કરાવ્યું તેથી ગુરુ મહારાજે મીઠડીઆ ગોત્રની સ્થાપના કરીને ગોત્રદેવી તરીકે અંબાઇ માતા સ્થાપી. પછી ધરણ મંત્રીએ પોતાની પુત્રી મહિપાલ રાણાને પરણાવી.

મહિપાલ રાજાએ જે દ્રવ્ય ગુરુ ચરણે ધર્યું હતું અને ગુરુએ જેનો અસ્વીકાર કર્યો હતો તે દ્રવ્યનો વ્યય કરીને ભવ્ય જિનમંદિર બનાવ્યું. એમાં શ્રી મૂળનાયકજી શ્રી સોળમા શાંતિનાથજી પ્રભુ પધરાવ્યા અને બીજા પણ ઘણી તીર્થંકર પરમાત્માની પ્રતિમાઓ પધરાવી. તેજ આચાર્ય ભગવંતના હસ્તે ભવ્ય પ્રતિષ્ઠા શ્રી સંઘ સહિત મહિપાલ રાજાએ કરી

અને સાતક્ષેત્રમાં સૂરીશ્વરજીના ઉપદેશથી દ્રવ્ય વાપર્યું.

સમય જતાં મહિપાલ રાજાએ પોતાના મોટા પુત્ર ધર્મદાસને ચંદેરી નગરના રાજ્ય ઉપર સ્થાપન કર્યો. રાણા ધર્મદાસ ચંદેરી નગરીનું રાજ્ય કરે છે અને સુખેથી શુદ્ધ શ્રાવક ધર્મનું પાલન કરે છે. રાત્રી ભોજન તથા અભક્ષ્ય વસ્તુનો ત્યાગ કરી શુદ્ધ દેવ – ગુરુ – ધર્મની આરાધના કરે છે. કર્મ સંયોગે તેને પુત્ર નથી તેથી તેને ચિંતા રહે છે. એવા સમયમાં શ્રી આર્યરક્ષિતસૂરિ વિચરતાં ચંદેરી નગરીમાં પધાર્યા. ઉપકારી ગુરુ ભગવંતના આગમનને સાંભળી રાણો ધર્મદાસ અત્યંત ખુશ થયો. પોતાના પરિવાર સહિત ગુરુ ભગવંતને વંદન કરવા ઉપાશ્રયમાં આવ્યો. આચાર્ય શ્રી આર્યરક્ષિત–સૂરિના ચરણકમળમાં પડી વંદના કરી. પછી બે હાથ જોડીને કહ્યું – ''હે ગુરુદેવ ! આપે મારા ઉપર ખુબ જ ઉપકાર કરીને આ મારી નગરીને પાવન કરી છે. હવે આપનો આ સેવક અપુત્રીઓ છે માટે કોઇ પણ ઉપાય બતાવો.''

સેવકની વાણી સાંભળી ગુરુ ભગવંતે કહ્યું – ''ધર્મદાસ ! નામ પ્રમાણે તમે ધર્મના દાસ છો. ધર્મ કરો ધર્મના પ્રભાવથી બધું જ સારું થશે. ગોત્રજા અંબામાતાજીની આરાધન કરો એ માર્ગ દેખાડશે.'' ગુરુદેવની અમૃત જેવી

વાણી સાંભળી રાણા ધર્મદાસ હર્ષિત થયા. ઘરે આવી ગોત્રજા અંબામાતાજીની આરાધના કરી. તેથી દેવી સાનિધ્ય થઈને બોલ્યા - ‘‘તમે શ્રી વીતરાગદેવના ધર્મના ચુસ્ત આરાધક છો તેથી મારા સ્વામિ ભાઈ છો. તારા નશીબમાં પાંચ પુત્ર છે તેથી જરૂર તને પાંચ પુત્ર થશે.’’ એમ જણાવી દેવી અદૃશ્ય થયા. ગોત્રજા દેવીના વરદાનથી પાંચ પુત્ર થયા તે પછી સુખેથી પાંચ પુત્ર સહિત ધર્મદાસ સુખ પૂર્વક રાજ્ય કરે છે.

સમય વીતતો જાય છે. એકદા વિધિપક્ષાચાર્ય આર્યરક્ષિતસૂરીશ્વરજી પૃથ્વીપીઠને પાવન કરતાં વિહાર કરી દિલ્હી નગરીમાં પધાર્યા. તે સમયે ચવ્હાણ વંશમાં પૃથ્વીરાજ રાજ્ય કરે છે. તે રાજાએ આવેલા આચાર્ય ભગવંત મહાન અતિશયવંત છે એમ જાણી ઘણા મોટા ઉત્સવ સહિત સામૈયો કર્યો. સ્વયં પૃથ્વીરાજ સંઘ સહિત ગુરુ મહારાજની સામે ગયા... વંદન કરી નગર પ્રવેશ કરાવી ઉપાશ્રયમાં બિરાજમાન કર્યા. નિત્ય સહુ ગુરુવંદના કરવા... દેશના સાંભળવા આવે છે. આગ્રહભરી વિનંતિ કરીને ગુરુ ભગવંતને ચાતુર્માસ દિલ્હીમાં જ રાખ્યા.

હવે ચંદેરી નગરીનો રાજા ધર્મદાસે સાંભળ્યું કે મારા

પરમ ઉપકારી ગુરુદેવ દિલ્હીમાં ચાતુર્માસાર્થ બિરાજમાન છે. ગુરુ ભગવંતને વંદન કરવા રાણો ધર્મદાસ દિલ્હી શહેરમાં આવ્યો. આચાર્ય શ્રી આર્યરક્ષિતસૂરિ મહારાજ ગુરુદેવને વંદના કરી. ત્યાંના રાજા પૃથ્વીચંદ્રને સમાચાર મળ્યા એટલે તેઓ ધર્મદાસને મળ્યા... તેને ધર્મવંત જાણી ઘણા જ ખુશ થયા... ઘણી જ આગતા-સ્વાગતા કરી. પછી પૃથ્વીચંદ રાજાએ ઘણો જ આગ્રહ કરી ધર્મદાસ રાજાને દિલ્હીમાં જ રાખ્યો. સાધર્મિક બંધુ જાણીને ધર્મદાસ રાજાએ પણ દિલ્હીમાં નિવાસ કર્યો. તેમના પાંચ ચંદેરી નગરીમાં રાજ કરે છે. તેમના નામ નીચે પ્રમાણે છે - (૧) રવિદાસ (૨) જિનદાસ (૩) વીરદાસ (૪) અભયરાજ અને (૫) હેમરાજ.

હવે રાણા ધર્મદાસથી છઠ્ઠી પેઢીએ, રાણો રાયમલ (નરસિંહ) થયો. તેણે સં.૧૩૫૦ના અરસામાં શ્રી ગોડી પાર્શ્વનાથજીનો સંઘ કાઢ્યો. માર્ગમાં એક દિવસ પંથ લાંબો આવ્યો... સંઘને પાણીનો ખપ પડ્યો... ત્યાં તપાસ કરતાં એક કુવો જોવામાં આવ્યો... પણ તેમાં પાણી ખારૂં છે. તે વખતે સંઘમાં ઉંટ ઉપર ખાંડની છાંટ બત્રીસી છે. તે ખાંડ રાયમલે (નરસિંહે) કુવામાં નાંખી. તે પાણી મીઠું કરી

પીવડાવ્યું. તેથી શ્રી સંઘ ઘણો જ ખુશ થયો ત્યાંથી શા રાયમલ (નરસિંહ)થી મીઠડીઆ (ઓળખ) ગોત્ર કહેવાણું. તે પ્રથમ મીઠડીયા કહેવાનું સાર્થક કર્યું. પછી સવંત ૧૩૨૩ના અરસામાં અચલગચ્છીય બાવનમેં પાટે આચાર્ય શ્રી અજીતસિંહ સૂરીશ્વરજીનું ચાતુર્માસ શ્રી ખંભાત બંદરે થયું હતું. એ સમયે શાસનદેવી ચક્રેશ્વરીજી શ્રી અજીતસિંહ સૂરીશ્વરજી આચાર્ય ભગવંતને વંદન કરવા આવ્યા. ત્યારે આચાર્ય ભગવંતે ચક્રેશ્વરી દેવીને પૂછ્યું – ''હે શાસન દેવી ! હાલના સમયમાં જે કાંઇ પણ શુભાશુભ થવાનું હોય તે જણાવો.''ત્યારે દેવી બોલ્યા કે ''દિલ્હી શહેર ઉપર મોટો હુમલો (ઉપદ્રવ) થશે. તેમાં ત્યાં તમારા શિષ્ય ઉપાધ્યાય શ્રી વિનયસિંહજી છે તેમને તથા ત્યાંના સંઘને ચેતવણી આપવી કે આજથી ૨૧મા દિવસે ઉપદ્રવ થશે.'' દેવીની આ વાત આચાર્ય ભગવંતે શ્રી સંઘ પાસે કરી. એટલે શ્રી સંઘે એક કાસદને, એકસો અઢાર મુદ્રા (ત્યાંનુ ચલણ) આપીને શ્રી દિલ્હી મોકલ્યો. તે કાસદ અઢારમે દિવસે દિલ્હી પહોંચ્યો. ત્યાં જઇને ઉપાધ્યાય વિનયસિંહજી હતા તેમને પત્ર આપ્યો. પત્ર વાંચીને ઉપાધ્યાય ભગવંતે તરત જ સંઘને બોલાવીને વાત કરી. ઉપાધ્યાય ભગવંતે શા. રાયમલ (નરસિંહ)ને કહ્યું

કે – ''ચાલો ! રાવણ પાર્શ્વનાથજીની યાત્રા કરવા જવાનું છે.'' એ વાતનો શા. રાયમલે સ્વીકાર કર્યો. નગર તજી જવાની આશાએ સારી સારી વસ્તુ લઇ બીજે દિવસે જ ઉપાધ્યાયજી સાથે કેટલોક સંઘ શા. રાયમલ સહિત યાત્રા નિમિત્તે ચાલ્યા. કુટુંબ સહિત રાવણ પાર્શ્વનાથજીની યાત્રા કરી. શા. રાયમલ (નરસિંહ) નાગોર જઇને વસ્યા. બીજા સહુ કોઇ પોતપોતાની સગવડે ગયા.

ઉપાધ્યાય વિનયસિંહજી ગુરુ મહારાજ શ્રી અજીતસિંહ સૂરીશ્વરજી પાસે આવ્યા... વંદના કરી ત્યાં રહ્યા.

એ સમયમાં અલ્લાઉદ્દીન પાદશા–નાગોર જોવા માટે આવ્યા હતા. તે સમયે શા. રાયમલ (નરસિંહ) શેઠે ઘણી જ યુક્તિથી બનાવેલ ચોર્યાસી જાતની મિઠાઇઓ પાદશાને ભેટ કરી. તેથી અલ્લાઉદ્દીન પાદશાને મિઠાઇનો સ્વાદ બહુ જ લાગ્યો. તેથી ઘણા જ ખુશ થયા અને શ્રી રૂણની પાટી (તાલુકો) આદિ ચોર્યાસી ગામ શા. રાયમલને બક્ષીસમાં આપી દિધા. એમ પોતાનું મિઠડીઆ ગોત્રજનું નામ ખરું કર્યું. ચોર્યાસી ગામમાંથી કેટલાક ગામ પોતાના ભાઇઓને તથા બીજા સ્વામી ભાઇઓને આપી દિધા. પછી પાદશા. રાયમલ

(નરસિંહ)ને કહ્યું કે ''તમે અમને અચ્છામાં અચ્છી મિષ્ટાન જમાડી તેથી તમે ખરા મિઠડીઆ છો.'' તેથી તેણે મિઠડિયા ગોત્રજને નામે એક પોતાનું ગામ વસાવ્યું.

હવે શા. રાયમલને શ્રી શત્રુંજય તીર્થનો સંઘ કાઢવાની ઈચ્છા થઈ. તે વખતે પારકર દેશમાં સરપાટણથી રાણા મહિપાલના નાના પુત્રનો પરિવાર ત્યાં હતો તેને બોલાવ્યો. શા. રાયમલનો મોટો પુત્ર ધર્મદાસ તથા નાનો પુત્ર યશવંતકુમાર તેથી સાતમી પેઢીએ શા. પલહ પોતાના સરપાટણ નગરને છોડીને મિઠડીયા ગોત્રજના નગરમાં આવી વસ્યા. તે શા. પલાહનો ત્રીજો પુત્ર ધર્મ. નામનો તથા રાયમલ (નરસિંહ) બન્ને જણાએ મળીને શત્રુંજય તીર્થનો સંઘ કાઢ્યો. તે સંઘ સહિત શત્રુંજય - ગિરનાર જાત્રા કરી ઘરે આવ્યા અને સુખપૂર્વક મિઠડીયા નગરમાં વસે છે.

શા. રાયમલ (નરસિંહ)નો પુત્ર લખરાજ થી બારમી પેઢીએ શા. રૂપસિંહ થયા. આ રાણા મહિપાલનો પુત્ર રાણો ધર્મદાસના પરિવારનો વૃત્તાંત લખ્યો છે. રાણા ધર્મદાસ અને એના નાના ભાઈ યશવંતકુમાર એમને ભાઈની પેઢાનું પેઢીમાં તે વખતે વનરાજ ચાવડાએ વિક્રમ સંવત ૮૦૨માં શ્રી અણહિલપુર પાટણ વસાવેલ ને વિક્રમ સવંત ચૌદના સૈકામાં

હવે જે વાત બની છે તે નીચે મુજબ છે.

તે મિઠડીઆ ગોત્રમાં દેવાણી, તાલાણી, ભારાણી તથા સરવાણી અને પોરાણીએ નામથી પાંચ પુરુષોથી પાંચ શાખા નીકળી. તેમાં પ્રથમ દેવાણી શાખામાં આવેલ કેટલીક પેઢીએ શા. ખેતો તથા તેની સ્ત્રી ખેતલદે તેનું બીજું નામ નોડી હતું. તે સ્ત્રી-ભરથાર બન્ને જણ શ્રાવકના બાર વ્રત પાળતા હતા. જૈન ધર્મના ચુસ્ત, શ્રદ્ધાવંત, શુદ્ધ શ્રાવક હતા. તે શ્રી અણહીલપુર પાટણમાં વસે છે. તે અરસામાં વિધિપક્ષ ગચ્છમાં (અચલગચ્છમાં) ગુરુવર્ય ગચ્છાચાર્ય ભટ્ટારક શ્રી ૧૦૦૮ શ્રી મહેન્દ્રપ્રભસૂરીશ્વરજીના શિષ્ય શાખાચાર્ય શ્રી અભયસિંહસૂરીશ્વરજીના ઉપદેશથી શા.ખેતશાએ એક જિનમંદિર બનાવ્યું. અને એક જિન પ્રતિમા નવીન વિધિપૂર્વક શીલ્પશાસ્ત્રના જાણકાર એક સલાટ પાસે કરાવી તે શ્રી આચાર્ય મહારાજજીના ઉપદેશથી તેમના કહ્યા પ્રમાણે શ્રી સંઘની સહાયતાથી મોટા મહોત્સવ પૂર્વક તેની પ્રતિષ્ઠા કરાવી. સંવત ૧૪૩૨માં ફાગણ સુદ ૨ ને ભૃગુ (શુક્ર)વારે શુભ મુહૂર્તમાં પોતાના હાથે પધરાવીને શ્રી આચાર્ય ભગવંત શ્રી અભયસિંહસૂરીશ્વરજી એ વાસક્ષેપ મંત્રીને પ્રતિમા ઉપર નાંખીને પ્રતિષ્ઠિત કરી. શ્રી ગોડીયા પાર્શ્વનાથજી એવું નામ

સ્થાપન કર્યું. શા. ખેતાશાએ ચતુર્વિધ સંઘ સહિત સંઘની ભક્તિપૂર્વક સ્વામિવત્સલ કર્યું. ઘણું ધન વાપરીને પોતાના આત્માનો વત્સલ કર્યો... પોતાના આત્માને ધન્ય માનતો હતો. નિત્ય પ્રત્યે જિનપૂજા કરતો ધર્મમાં સાવધાન બન્યો.

સંવત ૧૪૪૪ની સાલમાં ખેતાશાને પુત્ર પ્રાપ્તિ થઇ એનું નામ મેઘો રાખવામાં આવ્યું. આ પુત્રના લક્ષણો એવા હતા કે આ પુત્ર ધર્મને વિષે ઉદ્યોત કરનારો થશે... પુત્ર બીજના ચંદ્રની જેમ વૃદ્ધિ પામતો હતો... માતા-પિતા એવં સજ્જનોને હર્ષ પમાડતો હતો.

આ સમયે શ્રી ગુજરાત દેશમાં મુસલમાની અસૂર તુર્ક લોકોનો હુમલો થયો. હુસેનખાન નામનો બાદશાહ ગુજરાતમાં ઉતર્યો છે જાણીને ખેતાશાને ભય ઉત્પન્ન થયો. રખે આ અસુર લોકો શ્રી ગોડીયા પાર્શ્વનાથજીની પ્રતિમા ખંડીત કરે... એમ વિચારીને શ્રી ગોડીયા પાર્શ્વનાથજી પ્રતિમા સં. ૧૪૪૫ સાલમાં જમીનમાં ભંડારી. પછી પોતે પરિવાર સહિત પારકર દેશમાં શ્રી ભુદેસર ગામમાં આવી વસ્યા.

હવે તે દેશ અને ગામ કેવા છે ? તે જણાવતાં કહે છે - આ ભરત ક્ષેત્રમાં સાડા પચીસ દેશ આર્ય છે. તેમાં પારકર

દેશ મનોહર છે.

જેમ દેવોમાં ઇન્દ્ર રૂપે કરી અધિક શોભે છે તેમ

જેમ કોટાનુકોટિ તારાના સમુહમાં ચંદ્રમાં શોભે છે તેમ

જેમ મનુષ્યોના સમૂહમાં ચક્રવર્તી અધિક શોભે છે તેમ

વનમાં જેમ નંદનવન... પર્વતોમાં જેમ મેરુ...

કાષ્ટમાં જેમ ચંદન... વાજિંત્રમાં જેમ ભંભા...

સાત ધાતુમાં સૂવર્ણ... સૂત્રોમાં જેમ કલ્પસૂત્ર...

હસ્તિમાં જેમ ઐરાવત... સતીઓમાં જેમ સીતાજી...

તેમ સર્વ દેશોમાં પારકર દેશ અધિક શોભે છે.

તે દેશમાં જ શ્રી ભૂદેસર નામે નગર છે.

આ ભુદેસર નગરમાં ક્ષત્રિયો વસે છે.. વ્યાપાર કરે છે... આ નગરની બહાર વાડી, બગીચા, તલાવો, વાવો છે જે નગરની શોભામાં વૃદ્ધિ કરે છે. આ નગરમાં મનોહર બંગલા, હવેલી તથા ઘરોની સંખ્યા ચૌદસો બાવન છે. અહિં જૈન-જૈનેતરોના દેવભવનો ઘણા જ શોભી રહ્યા છે.. શ્રાવકોની વસ્તી પણ સારી છે. વળી આ નગરમાં પરમાર,

સોઢા જાતિનો, ખેંગાર રાજા રાજ્ય કરે છે. આ નગરીમાં કોઈને કોઈની સાથે વેરભાવ નથી. પણ નીતિથી વર્તે છે. નગરમાંથી ચોરી, જુગાર, કુશીલ વગેરે દુર્વ્યસનો નાશી ગયા છે. ખેંગાર રાજાના રાજ્યમાં વડેરા ગોત્રમાં થયેલા શાહ કાજલશા નામના પ્રધાન છે. તેની બેન મૃગાદેવીને, ખેતાશાહના પુત્ર મેઘા સાથે પરણાવી છે. તે ખેતાશાહ શેઠ અંચલગચ્છીય દેવાણંદ શાખા અને મિઠડીયા ગોત્રવાળા છે અને સંઘવી કાજલશા વડેરા (વડોરા) ગોત્રવાળા અંચલગચ્છીય છે. મેઘોશા પણ ભુદેસર ગામમાં રૂ અને કરીયાણાનો વેપાર સારી રીતે કરે છે.

હવે પાછળથી ગુજરાતના ગામોને જીતતો... સર કરતો, બાદશાહ હુસેન ખાને અણહિલ્લપુર પાટણ સર કરી લીધું. જ્યાં ખેતાશાએ ગોડીયા પાર્શ્વનાથજીની પ્રતિમાજી જમીનમાં ભંડારી છે. ત્યાં નવી ઘોડાહાર બંધાય છે. ત્યાર પછી ત્યાં તેમાં ઘોડાઓ બંધાવે છે. ત્યાર પછી સંવત ૧૪૬૫માં તે ઘોડાહારમાં ઘોડાઓ હણહણાટ કરે છે. તેમાં કેટલાક ઘોડા ખુરીઓથી જમીન ખોદી રહેલ છે. તેવામાં ઘોડા બાંધનાર અને ઘોડાઓને સંભાળનાર નોકર, જેવામાં બાંધવા માટે ખીલો ખોડે છે. તેવામાં ત્યાંથી જ ખેતાશાએ શ્રી

ગોડીયા પાર્શ્વનાથજીની પ્રતિમાજી ભંડારેલી છે. તે પ્રતિમાજી પ્રગટ થયાં. તેને જોઇને તે નોકર ઘણો જ ખુશી થયો અને બાદશાહ હુસનખાન પાસે લઇ આવીને મુકી, તેને જોઇને બાદશાહ ઘણો ખુશ થયો અને પુછતો હતો કે આ શું લાવ્યો?

તે વખતે બાદશાહની હુરમ (રાણી) તે જૈન વાણીયાની દિકરી હતી તેને જોઇને પ્રતિમાજીનું સ્વરૂપ બાદશાહને કહેવા લાગી - ''હે સિંઘલ દેશના રાજાજી ! સીરદાર હે સ્વામી ! એ જૈન લોકોની મુર્તિ છે... એને સલામ કરો ને મસ્તક નમાવી એવી રીતે નમસ્કાર કરાવીને તે બાદશાહ પાસે પોતાના મહેલમાં જ રખાવી. તે ગોડીયા પાર્શ્વનાથજી પ્રતિમાજીની શ્રી અંજનશલાકા - પ્રતિષ્ઠા સં.૧૪૩૨માં થઇ અને સં.૧૪૬૫માં શ્રી અણહિલપુર પાટણમાં જ હુસેનખાન બાદશાહના ઘોડાહારમાં પ્રગટ થઇને તેના જ મહેલમાં પાંચ વરસ સુધી રહી. હવે સં.૧૪૭૦માં જે હકીકત બની છે તે કહેવાય છે.

એકદા કાજલશા પોતાના બનેવી મેઘાશાને કહે છે - ''તમે શ્રી ગુજરાતમાં જાઓ અને સારી સારી વસ્તુઓને વ્યાપાર માટે ખરીદ કરી લાવો અને તમારે જે રકમ-પૈસા ખપે તે લઇ જાઓ.'' કાજલશાનું વચન સાંભળીને... તેનું વચન

પ્રમાણ કરીને, મેઘાશાએ પાટણમાં વેપાર માટે જવાની તૈયારી કરી. સાથે પોઠીઆ અને ઉંટ ત્રીસ સુધી લઈને સં.૧૪૭૦ની સાલમાં પાટણમાં જવા માટે પ્રભાત સમયે મેઘાશા શ્રીફળ હાથમાં લઈને પરિવાર સહિત ઘર થકી ચાલતાં પ્રથમ એક કન્યા જમણે પડખે આનંદ કરતી મળી... વળી આગળ ચાલતાં માલણ ફુલની છાબ ભરીને સામે આવી અને એણે મેઘાશાને ફુલોથી વધાવ્યા... ત્યારપછી આગળ ચાલતાં મહિયારી દહીનો ઠામ મસ્તકે ધારણ કરતી સામી મળી... વળી આગળ ચાલતાં બ્રાહ્મણ લોકો વેદના પાઠ ભણતાં સાંભળ્યા... ત્યાંથી આગળ જતાં ડાબો રાસભ બોલ્યો... વળી ગામના દરવાજે નિકળતાં નીવર પક્ષી જમણો બોલ્યો... એવા ઉત્તમ ઉત્તમ લાભની સુચના કરતા સારા શુકનો થયા. એમ આગળ ચાલતાં સજ્જન કુટુંબ વળાવીને પાછા વળ્યા અને કેટલાક વેપારી લોકો વેપારને માટે સાથે ચાલ્યા. એમ ચાલતાં ચાલતાં અનુક્રમે શ્રી પાટણ નગરે પહોંચ્યા. સારો મકાન લઈને ઉતારો કર્યો. અનુકુળતા પ્રમાણે મેઘોશા અને સાથે આવેલા વેપારીઓ વ્યાપાર કરે છે.

એકદા મેઘાશા રાત્રીને વિષે નિદ્રામાં સૂતાં છે. તે વખતે શ્રી પાર્શ્વનાથની પ્રતિમાજીના અધિષ્ઠાયક દેવ, જેના

હાથમાં ખડ્ગ છે એવા ખેતલવીર નામના યક્ષે સ્વપ્નમાં મેઘાશાને કહ્યું કે – ''મ્લેચ્છ હુસનખાન બાદશાહના મહેલમાં તારા પિતા ખેતાશાએ ભરાવેલી ગોડીઆ પાર્શ્વનાથજીના પ્રતિમાજી છે. તેને સવાસો ટકા આપીને તે પ્રતિમાજીને લઈને આવો. પરંતુ વિલંબ કરશો નહિં.''આવું સ્વપ્ન જોઈને મેઘશા જાગ્યા. તે સ્વપ્ન જોઈને નિદ્રા ન કરી... દેવ-ગુરુની ભક્તિમાં લીન બન્યા... પ્રાતઃ સમયે પ્રભુની પૂજા કરીને સવાસો ટકા લઈને હુસનખાન બાદશાહના દરબારે ગયા. તેજ રાત્રીએ હુસનખાન બાદશાહને તેજ દેવે સ્વપ્નમાં કહ્યું કે – ''શ્રી પારકર દેશથી આવેલો મેઘોશા શેઠ, સવાસો દામ લઈને તમને દેવા આવશે, તે સવાસો દામ લઈને તું મૂર્તિ મેઘાશાને આપજે, જો નહીં આપે તો હું તારા રાજ્યને ખેદાન-મેદાન કરી નાંખીશ અને તારા બુરા હવાલ કરીશ ને પ્રાણ લઈશ.'' આવું સ્વપ્ન હુસેનખાન બાદશાહ જોઈને જાગ્યો અને થર-થર ધ્રુજતો... ભય પામતો કચેરીમાં આવીને સિંહાસન ઉપર બેઠો. એટલામાં મેઘોશા પણ કચેરીમાં આવીને સવાસો દામ મુકીને બાદશાહને કહ્યું કે – ''તમારી પાસે જૈનના પાર્શ્વનાથજીની મૂર્તિ છે તે અમને આપો.'' એવી રીતે માગણી કરી ત્યારે બાદશાહ બીતો થકો પોતાના નોકરને

હુકુમ કરીને મુર્તિ પાર્શ્વનાથની પોતાના મહેલમાંથી મંગાવીને મેઘાશાને સોંપી. હવે બાદશાહ હુસેનખાનના ઘરમાં પ્રતિમાજી પાંચ વરસ રહ્યા અને સંવત ૧૪૭૦માં મેઘાશાના પિતાજી ખેતાશાએ ભરાવેલા પ્રતિમાજી તે મેઘાશાને પાછા મળ્યા.

હવે તે મેઘાશા તે શ્રી ગોડીયા પાર્શ્વજીની મુર્તિ લઇને તુરત અણહિલપુર પાટણ શહેરમાં આવ્યા. અને જ્યાં શ્રી સુધર્માસ્વામિથી પાટાનુપાટે વિધિપક્ષ ગચ્છ (અચલગચ્છ)માં સત્તાવનમાં પાટે શ્રી મેરૂતુંગસૂરીશ્વરજી બિરાજે છે. તેમની પાસે લઇ આવ્યા. સઘળી હકીકત બાદશાહની તથા અધિષ્ઠાયક દેવના સ્વપ્નમાં જે બનેલી અને કહેલી તે સર્વ ગુરુમહારાજ પાસે કહી સંભળાવી. ત્યારે ગુરુ મહારાજે પ્રતિમાજી જોઇને મેઘાશાને કહ્યું કે – ‘‘આ શ્રી ગોડીયા પાર્શ્વનાથજીની મહા પ્રભાવિક પ્રતિમા છે... પ્રાચીન છે. અને તમારા પિતાશ્રી ખેતાશાએ ભરાવેલી છે. તે પ્રતિમાજીને તમારા પારકર દેશમાં લઇ જાઓ. ત્યાં સુંદર જિનાલય બંધાવી સ્થાપન કરવાથી તે પ્રતિમાજી અતિશયવંત મહાન તીર્થરૂપ થાશે. તે સાંભળીને મેઘોશા બહુ જ હર્ષવંત થયા.

ગુરુ મહારાજની આજ્ઞાથી તે પ્રતિમાજી લઈને 'રૂ'માં સ્થાપીને પછી કપાસ તથા કરીયાણાના માલના પોઠીઆ તથા ઉંટ ત્રીસ ભરીને પોતાના દેશ તરફ ચાલ્યા... ચાલતાં ચાલતાં શ્રી રાધનપુર શહેરમાં આવ્યા. ત્યાં ઘણા લોકોએ દાણ લેવા માટે અટકાવ્યા. મેઘાશાને પૂછ્યું - ''તમારા કેટલા ઉંટ અને પોઠીઆ માલના ભરેલા છે ?'' ત્યારે મેઘાશાએ કહ્યું - ''બધા મળીને ત્રીશ નંગ છે.'' ઘણા લોકો પોઠિઆ તથા ઉંટ ગણવા લાગ્યા. તો એકત્રીસ થયા... બીજી વખત ગણવા લાગ્યા તો ઓગણત્રીશ થયા. એવી રીતે ઘણીવાર ગણવાં છતાં કાં એક વધે છે અથવા એક ઘટે છે. પણ ત્રીશ પુરા થતા નથી.

આ વાત ઘણા લોકોના કહેવાથી સાંભળીને રાજા આશ્ચર્ય સહિત ત્યાં આવ્યા. અને બીજા પણ કેટલાક નગરના લોકો તથા શ્રાવકો રાજાની સાથે આવ્યા. ત્યારે રાજા પોતે પોઠીઆ અને ઉંટ ગણવા લાગ્યા. તો પ્રથમની જેમ કાં તો એક વધે છે અથવા એક ઘટે છે. એટલે રાજા ચમત્કાર પામીને મેઘાશાને પૂછ્યું - ''આમાં બીજી શું ચમત્કારી વસ્તુ છે કે જેથી કરીને અમને પોઠીઆ તથા ઉંટ ગણતાં સરખાં થતા નથી. ત્યારે મેઘાશા કહે છે કે ''ગોડીયા પાર્શ્વનાથજીની

પ્રતિમા છે.'' ત્યારે રાજાએ કહ્યું કે – ''અમને તેમના દર્શન કરાવો.'' એટલે મેઘાશાએ કપાસમાંથી પ્રતિમા કઢાવીને ઝાડની નીચે સારા આસન ઉપર બેસાડીને દર્શન કરાવ્યા. ત્યાં રાજા વિગેરે નગરના લોકો દર્શન કરીને પ્રસન્ન થયા. રાજાએ તે મેઘાશાને બધા માલનું દાણ માફ કર્યું. રાજાએ એક ઝાડની નીચે દેરી કરીને શ્રી ગોડીયા પાર્શ્વનાથજીના પગલા સ્થાપ્યા અને હમેશાં રાજા તથા પ્રજાજનો તથા શ્રાવકો દર્શન કરીને તથા તેમની પૂજા કરીને લાભ લેતા હતા. તે દેરી તથા પગલા હાલ પણ શ્રી રાધનપુરમાં ઉત્તર તરફના દરવાજે મોજુદ છે.

હવે ત્યાંથી મેઘાશા માલની પોઠો ભરીને તેમાં શ્રી ગોડીયા પાર્શ્વનાથજીની પ્રતિમા સ્થાપીને કપાસમાં સારી રીતે રાખ્યા. ત્યાંથી ચાલતાં ચાલતાં શ્રી પારકર દેશમાં શ્રી ભુદેસર ગામ છે ત્યાં સં.૧૪૭૦માં આવ્યા. ત્યારે મેઘાશાએ કાજલશા શેઠને માણસ સાથે આવવાની વધામણી મોકલાવી. એટલે કાજલશાએ વધામણી અને પ્રીતિદાન આપ્યું. પછી પોતાના સજ્જન કુટુંબ જ્ઞાતિને એકઠા કરીને કાજલશાએ મેઘાશાને સામૈયા સહિત ગામમાં પ્રવેશ કરાવ્યો.

પછી મેઘાશાએ પોતાના ઘરમાં એકાંત સ્થાનમાં ગોડીયા પાર્શ્વનાથજી પ્રભુને પધરાવ્યા. અને તેની સેવા-પૂજા કરે છે. આ વાત સંઘમાં ફેલાણી કે મેઘાશા ગોડીયા પાર્શ્વનાથજીની પ્રતિમા લઇ આવ્યા છે અને તે રોજ તેમની સેવા પૂજા કરે છે. હવે તેના દર્શન માટે સર્વ લોકો જૈન-જૈનેત્તર આવે છે. રાજા ખેંગારે મેઘાશાને કહ્યું - ''તમે અનંતગણો લાભ લીધો છે અને અહીં ભાગ્ય મારા પણ કે જે પ્રભુએ મારા ઉપર કૃપા કરીને મારા દેશમાં આવ્યા.''

પછી કેટલાક દિવસે કાજળશાએ મેઘાશાને બોલાવીને કહ્યું કે જે વેપાર માટે તમે પૈસા લઇ ગયા હતા તેનો હિસાબ આપો. ત્યારે મેઘાશાએ કાજલશા શેઠને સર્વ હિસાબ આપી દીધો. તેમાં સવાસો ટકા પ્રતિમાજીના નકરાના પણ આવી ગયા. ત્યારે કાજલસા શેઠ કહે છે કે આ પત્થર શું કામ આવશે ? ત્યારે મેઘાશાએ કહ્યું - ''અરે કાજલ તું જૈન થઇને આ શું બોલે છે ? પ્રતિમાજીને પત્થર કહેતાં શરમ નથી આવતી. આ પ્રતિમાજીના પૈસામાં તારો ભાગ નથી. એ પૈસા મારા ખાતે માંડો અને પ્રતિમાજી મારી પાસે રહેશે... અમારા ઘરમાં રાખશું. પછી મેઘાશાએ પોતાના મિત્ર (સ્વામીભાઇ) શા. ધનજી (ધનરાજ)ને એ પ્રતિમાની

પૂજા-સેવા કરવા જણાવ્યું. તે ધનરાજએ પ્રતિમાજીની હમેંશા સેવા-પૂજા કરે છે.

હવે તે મેઘાશાને ગુણવંતી, પુણ્યવંતી, શીલવંતી, પતિવ્રતા અને દેવ-ગુરુની પુરણ ભક્તિવાળી, દાનેશ્વરી, સર્વ જીવો ઉપર કરુણાવંતી, દીન-દુઃખીનો ઉધ્ધાર કરનારી અને સાક્ષાત જાણે લક્ષ્મી ન હોય એવી મૃગાદેવી નામની સ્ત્રી હતી. તે પોતાના પતિ સાથે સાંસારિક સુખ ભોગવતી બે પુત્રને જન્મ આપે છે. તે જાણે સાક્ષાત સૂર્ય અને ચંદ્ર હોય નહિ એવા રૂપવંત શોભતા હતા. તે પુત્રોના નામ મહીઓ અને મેરી રાખવામાં આવ્યા હતા. તે મોટા થતાં તેના પિતાજી મેઘાશા તથા માતા મૃગાદેવી સાથે હમેંશા શ્રી ગોડીયા પાર્શ્વનાથજીની પ્રતિમાજીની પૂજા કરે છે. એમ પૂજા કરતાં કરતાં બાર વરસ વીતી ગયા. એટલે સં. ૧૪૮૨ની સાલમાં એ શ્રી ગોડીયા પાર્શ્વનાથજીનો અધિષ્ઠાયિક દેવ ખેતલવીર (યક્ષ) મેઘાશાને સ્વપ્નમાં આવીને કહે છે કે - ‘‘હે મેઘા ! પ્રભાતના ધાર્મિક વગેરે કાર્ય કરીને ચારણ ભાવડની વેલ લેજો અને દેવાણંદા જે (મેઘાશાના સાઢુભાઇ છે) તેના બે બાળ બળદિયા છે તે લેજો અને તે વેલમાં શ્રી ગોડીયા પાર્શ્વનાથજી પધરાવીને તું એકલો જ વેલ (રથ) જોડીને બાંડા થલ તરફ

આવજો અને પાછો વળીને જોશો નહિં.'' એમ કહીને ગયો.

હવે મેઘાશા પ્રભાતમાં પોતાના કાર્ય કરીને યક્ષદેવના કહ્યા પ્રમાણે ચારણ ભાવડની વેલ (રથ) લઈને... દેવાણંદાના બે બળદિયા જોડીને શ્રી પાર્શ્વનાથ ગોડીયાની પ્રતિમા રથમાં બેસાડી પધરાવીને પોતે એકલો જ રથ જોડીને બાંડા થલ તરફ ચાલ્યો. જેમ સૂર્ય ઉદય થયાથી અંધકાર દૂર થાય તેમ મેઘાસાના સંકટો બધા દૂર થયા. મેઘાશાને અપૂર્વ આનંદ થયો. એમ માર્ગમાં ચાલતાં બાંડથલ અટવી આવી. તેની અંદર અનેક પ્રકારની ઝાડી છે. વળી ચાલતાં ચાલતાં માર્ગમાં એકલા બેઠેલા મેઘાશાને કાંઈક જાતનો સિંહ, વાઘ, ભૂત, પ્રેત, ચોર વિગેરે ઉપદ્રવના ચીલા થાય છે. તે જોઈને શેઠ વિચાર કરે છે કે અત્યારે હું એકલો છું ત્યારે મારી સંભાળ કોણ કરશે ? એટલામાં શ્રી ગોડીયા પાર્શ્વનાથજીના યક્ષ ખેતલવીર પ્રત્યક્ષ થઈને મેઘાશાને કહેવા લાગ્યો - ''હે મેઘા શેઠ તારી સાથે શ્રી ગોડીયા પાર્શ્વનાથજીની પ્રતિમા છે. જેથી સર્વ વિઘ્ન નાશ પામશે. સુખેથી આગળ ચાલ. આ વાત સાંભળીને મેઘાશા ઘણો જ ખુશ થયો. વેલને આગળ ચલાવીને ચાલતાં ચાલતાં ઘણાં દિવસે ગોડી ગામ નજીક આવ્યો. ત્યાં મેઘાશાને વિચાર થયો કે રથમાં પ્રતિમા છે કે

નહિં ? એમ લગારેક પાછું વળીને જોયું એટલે વેલ (રથ) ત્યાં જ સ્તંભી ગયો. પછી તેને હાંકવા બેઠો. બળદીયા વેલને ખેંચી શકે નહિં એટલે મેઘાશાને બહુ જ ચિંતા થઇ. એટલામાં રાત્રી થઇ ત્યારે શેઠ ચિંતામાં અને ચિંતામાં સુઇ ગયા. ત્યારે તેજ અધિષ્ઠાયક દેવ સ્વપ્નામાં આવીને શેઠને કહે છે કે તું ચિંતા ન કર. આ નજીકમાં સૂર્યપુર (ગોડીગામ) આવ્યો છે અને જ્યાં ગહુલી છે તેજ જગ્યાએ પ્રભુજીનું દેરાસર કરજે અને જ્યાં શ્રીફળ છે તેની નીચેથી ધન નિકળશે. તે ધનથી દેરાસર કરાવજે અને તે શ્રીફળની આસપાસ મીઠું પાણી તથા પાષાણની ખાણ નીકળશે.

વળી કોઇક લેખમાં પણ લખે છે કે તું દક્ષિણ દીશા તરફ જોજે લીલું છાણ પોદરા સાથે પડેલ છે, ત્યાંથી પાણી નીકળશે. અને પાષાણની ખાણ પ્રગટ થશે. તેની પાસે સફેદ આકડાનું ઝાડ છે તેની નીચે ધન નીકળશે તેમાંથી તું દેરાસરનું ખર્ચ કરજે.

હવે તે ગોડી ગામમાં (સૂર્યપુર) પરમાર જાતિના સોઢા રજપુત ઉદયપાલ નામના ઠાકોર રાજ્ય કરે છે. તે ઠાકોરનો ખેતશી લુણોત નામનો કારભારી અતિશય જોરાવર છે. તેઓને જ મેઘાશા વેલ સહિત પ્રભુને લઇ આવ્યો છે તેની

ખબર પડી, તેથી ઠાકોર પોતે કારભારી સહિત સામે ચાલીને મેઘાસા પાસે ગયા. આવીને તે વેલમાં રહેલા પ્રતિમાજીને વંદન કરીને મેઘશાને મોટા આદર સત્કાર કરીને ઘણું માન આપીને કહેવા લાગ્યા કે - ''હે શેઠ ! તમે ખુશીથી અહિંઆ નિર્ભય પણે રહો.'' ત્યારે તો મેઘાશા તે ઠાકોરને આ પ્રમાણે કહે છે કે - ''હે ઠાકોર સાહેબ ! આ શ્રી ગોડીયા પાર્શ્વનાથજીના અધિષ્ઠાયક દેવ ખેતલવીર (યક્ષ) સ્વપ્નામાં આવીને કહ્યું છે કે ''આ ગોડી ગામમાં તું રહેજે અને જ્યાં ગહુંલી છે તે ઠેકાણે દેરાસર કરજે અને તે દેરાસરજી માટે ધન પાષાણ તથા પાણી વિગેરે જે તને ખપશે તે બધું ત્યાંથી નિકળશે.જે જગ્યાએ શ્રીફળછે તે જગ્યાએ સફેદ આકડો છે તેનીનીચેથી ધન નીકળશે. તે તું લેજે. અને ત્યાં શ્રીફળની આસપાસમાં પત્થરની ખાણ છે. એ શ્રીફળની નીચેથી મીઠું પાણી નીકળશે ત્યાં તુ વાવ બંધાવજે. ગુરુ મહારાજ શ્રી મેરૂતુંગ સૂરીશ્વરજી મ. સાહેબે પણ કહ્યું છે કે ''તમારા પારકર દેશમાં મોટું તીર્થ થશે.'' એમ પાટણથી પ્રતિમાજી લઇ આવ્યા તેનો ઇતિહાસ આજ દિવસ સુધી ગોડી ગામ આવ્યા ત્યાં સુધીની બધી વાત ઠાકોરને કહી સંભળાવી.

ઠાકોર પણ મેઘાશાના મુખથી ગોડીયા

પાર્શ્વનાથજીનો વૃત્તાંત સાંભળી ચમત્કાર પામ્યો. અત્યંત હર્ષવંત થઈને શેઠને કહ્યું કે – ''જે જમીન તમે કહો છો તે એક ત્રાજો (એક માપ, ૧ ત્રાજો 30 Sq. Yards) જમીન છે તે જમીન તમને દેરાસરજી કરવા માટે બક્ષીસ આપું છું. એમ કહીને લેખ કરી આપ્યો અને રહેવા માટે એક સારૂં મકાન પણ આપ્યું. ત્યાં મેઘાશા પ્રભુજીને પધરાવીને સેવા ભક્તિ કરે છે.

મેઘાશા ઠાકોરની આજ્ઞાથી જ્યાં નાણું હતું ત્યાંથી ખોદાવીને નાણું કાઢ્યું તે પોતે રાખ્યું. જ્યાં પાષાણની ખાણ હતી ત્યાં ખોદાવીને મજુરોને મોં માંગ્યા પૈસા આપે છે. જ્યાં શ્રીફળ હતું ત્યાં પણ ઘણું જ મીઠું પાણી નિકળે છે તેથી ત્યાં એક સારી વાવ બંધાવી.

હવે મેઘાશા વિચાર કરે છે – ''દેરાસર બાંધવા માટે ક્યા સલાટ (કડીયા-સોમપુરા)ને તેડાવું ?'' આ વિચાર કરતાં કરતાં મેઘાશા નિદ્રાધીન થયા. રાતના પ્રભુના અધિષ્ઠાયક દેવ (યક્ષ) સ્વપ્નમાં આવીને કહેવા લાગ્યો – ''હે શેઠ ! તમે ચિંતા કરશો નહિં. સિરોહિ શહેરમાં એક સલાટ છે. તે કારીગર કામનો હોશિયાર છે. તેનું નામ પણ ચતુર છે અને નામ પ્રમાણે જ ગુણ છે.. તેના શરીરે કોઢરોગ થયો છે

એ એના રોગની નિશાની છે. હવે હે મેઘાશા ! ગોડીયા પાર્શ્વનાથજીનું નમણ લઈને તું સિરોહી શહેરમાં જઈને તે સલાટને છાંટજે તેથી એનો રોગ મટી જશે. પછી તું તને તેડીને આવજે.''

એવા પ્રકારનું યક્ષનું વચન સાંભળીને મેઘાશા જાગ્યા... ચિંતા દૂર થઈ તેથી આનંદ પામ્યા. પછી મેઘાશા પ્રભુજીનું નમણ લઈને સિરોહી ગયા, તે સલાટને શોધી એના ઉપર નમણ છાટ્યું તેથી તત્કાલ તેનો કોઢનો રોગ નાશ પામ્યો. તેથી તે ચતુર સલાટ બે હાથ જોડીને કહેવા લાગ્યો કે તમે મારા ઉપકારી છો. મને તમો નવો જન્મ આપ્યો તેથી મારા પિતા છો. હવે પુત્રને સેવા ચાકરી બતાવીને ઋણ રહિત કરી કૃતાર્થ કરો. ત્યારે મેઘાશા એ યક્ષે જે હકીકત સ્વપ્નમાં કહેલી તે બધી સલાટને કહી સંભળાવી. તેજ યક્ષની આજ્ઞાથી હું અત્રે આવેલો છું. મારે ત્યાં દેરાસર બંધાવવું છે. તેથી તે કામ માટે તમે મારી સાથે ચાલો. તે વાત સાંભળી ચતુર સલાટ ઘણો જ હર્ષ પામ્યો. તેના રોમ રાજી વિકસ્વર થયા. ચતુરસલાટ શેઠને કહે છે – ''અહો ! મારું મોટું પુણ્ય છે. મારે હાથે શ્રી ગોડીયા પાર્શ્વનાથનું દેરાસર બંધાશે.તેથી મારા માથે પ્રભુની કૃપા થઈ. હવે આપનો છોરૂ તાબેદાર છે. હવે તમે સુખેથી જાઓ. હું મારો પરિવાર લઈને તથા બીજા

સલાટોને તેડીને આવું છું. એમ ચતુર સલાટનું વચન સાંભળીને મેઘાશા ખુશ થઇ આનંદ પામ્યો અને ગોડી ગામ ગયો. પછી મેઘાશા પોતાના છોકરા મહીઓ અને મેરૂ અને સ્ત્રી મરગાદેવી બધાને તેડાવી લીધા અને ત્યાં ગોડી ગામમાં જ વસ્યા.

હવે સિરોહીથી ચતુર સલાટ પણ પોતાના પરિવાર સહિત બીજા સલાટોને તેડીને આવ્યો. ગોડી ગામમાં શુભ મુહૂર્તે ખાત મુહૂર્ત કરીને દેરાસરજીનું કામ ચાલુ કર્યું. અને તે કામ ધામધુમથી ચાલે છે. જે ઠેકાણે ઉદયપાલ ઠાકોરે ત્રાજો જમીન આપી છે અને જે ઠેકાણે ગહુંલી હતી તે ઠેકાણે મેઘાશા દેરાસર બંધાવે છે. ઉદયપાલ રાજાએ તે દેરાસરની ચોકી કરવા માટે લષ્કર આપ્યું છે, તે દેરાસરજીના રક્ષણ માટે સિપાઇઓ આપ્યા છે. તે કામમાં સિપાઇઓ ઘણા હોશીયાર છે ને ચોકી કરે છે. એમ કામ ચાલતાં ચાલતાં કેટલોક કાળ વીતતાં મેઘાશાની કીર્તિ જગતમાં પ્રસરી... વિસ્તાર પામી. હવે તે મેઘાસાના સાળા કાજલશાએ તેની કીર્તિ સાંભળી. તેથી તેના મનમાં ઈર્ષ્યા ઉત્પન્ન થઇ. તે ઈર્ષ્યાથી કાજલશા ગોડી ગામે આવ્યો. આવીને કાજલશા મેઘાશાને કહે છે– 'આ દેરાસર તમે બંધાવ્યું છે તેમાં મારો અર્ધો ભાગ રાખો.'' ત્યારે મેઘાશાએ કહ્યું – ''ભાગ્યશાળી પ્રભુના પ્રતાપે કાંઇ

નાણાની કમી નથી માટે મને અર્ધો ભાગ લેવાની જરૂરનથી. જ્યારે હું પ્રતિમાજી લઇ આવ્યો. ત્યારે તમે કહ્યું કે ‘‘આ પત્થર શું કામ આવશે.’’ એમ કહેતાં તમને કાંઇ શરમ ન આવી ? તમે પણ અરિહંતના ભક્ત છો અને તમે પણ શ્રાવક છો. તો જિન પ્રતિમા જિન સરખી શાસ્ત્રમાં કહી છે અને તમે તેને પત્થર કહી તો તમારું શ્રાવકપણું ક્યાં રહ્યું ? આ પ્રતિમાજી મારા પિતાજીએ ખેતશીભાઇએ ભરાવેલી છે અને શ્રી ગોડીયા પાર્શ્વનાથજીના અધિષ્ઠાયક દેવે મને સોંપી છે. અને મેં આ પ્રતિમાજી માટે જે પૈસા લીધા હતા તે તમને પાછા આપ્યા છે. માટે હવે મારાથી તમારો ભાગ લઇ શકાય નહીં. આ દેરાસરજી માટે જે પૈસાની મને જરૂર છે તે પૈસા અધિષ્ઠાયક દેવે મને આપ્યા છે.’’ હવે આ વાતને મેઘાશા તરફથી સાંભળીને કાજલ શા ને પોતાના નામ જેવા કાજલ પરિણામ (માઠા પરિણામવાળો) થયો. તેથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ધ્યાતો થકો પોતાના ગામમાં ગયો અને ત્યાં જઇને વિચાર કર્યો કે મેઘાશાને કોઇ રીતે મરણ પમાડું તો મને શાંતિ થાય.

હવે મેઘાશા દેરાસરનું કામ ચલાવતા થકાં કેટલોક કાળ થયો ત્યારે મૂળ ગંભારો - પભાસણ તથા રંગમંડપ બંધાવીને તૈયાર કર્યો. તે રંગમંડપ કેવો છે ? જાણે મોક્ષની બાંધણી ! હવે આ સમયે શ્રી ગોડીયા પાર્શ્વનાથજીની પ્રતિમાજીના અધિષ્ઠાયક દેવે (યક્ષે) પ્રત્યક્ષ થઇને કહ્યું કે - ''હવે તારું આયુષ્ય અલ્પ છે... ઝેરથી તારું મૃત્યુ થશે. માટે પ્રભુજીને તખ્ત ઉપર બેસાડીને (ગાદિ નશીન કરીને) લાભ લઇને - કામ કરીને કૃતાર્થ થાઓ.'' એમ કહીને તે દેવ અદૃશ્ય થઇ ગયો.

હવે પ્રભાત સમયે મેઘાશા ધર્મકાર્ય કરી... પ્રભુજીની પૂજા કરીને સંઘને ભેગો કર્યો.અને તે સંઘ પાસેએ રીતે વાત કરી. દેરાસરજીનું કામ અડધું થવા આવ્યું છે. મૂળ ગંભારો અને રંગમંડપ તૈયાર થઇ ગયો છે. હવે પ્રભુજીને મૂળ ગભારામાં બિરાજમાન કરવા અને ભર્યો કરવો... તેનો મુહૂર્ત આપણે જોવરાવીએ. ત્યારે શ્રી સંઘે કહ્યું - ''બહુ સારું... ઉત્તમ કામ તરત કરવું.'' તેથી મેઘાશા શ્રી સંઘને સાથે રાખી મુહૂર્ત પુછાવ્યું. તે મુહૂર્ત સં.૧૪૯૪ના મહા સુદ ૫ લાભ ચોઘડીએ આવ્યું.તે ઉપરથી મેઘાશાએ પ્રતિષ્ઠાનું તથા ભર્યુ કરવાનું કામ સંઘ સાથે રહિને ચાલુ કર્યું... શુભ મુહૂર્તે શ્રી ગોડીયા પાર્શ્વનાથજીને પબાસણ ઉપર પ્રતિષ્ઠિત કર્યા. ઘણા

જ ધામધૂમથી મહોત્સવ કરીને મહાન લાભ લીધો. ગામના ઠાકોર તથા શ્રી સંઘને પાસે રાખીને ઘણો જ સત્કાર કર્યો. સ્વામિવાત્સલ્યાદિ કરીને મેઘાશાએ ઘણો જ લાભ લીધો. ત્યારે સોઢા ઉદયપાલ ઠાકોરે પણ મેઘાશાને પાઘડી બંધાવી તથા સંઘે પણ પાઘડી બંધાવી. બાકીનું દેરાસરજીનું કામ મેઘાશા ચલાવે છે. મેઘાશાની દેશો દેશમાં ઘણી જ પ્રખ્યાતિ થઇ છે. તે સાંભળી કાજલશા ઈર્ષ્યાથી ચિંતાતુર થયો. અનાજ ભાવતું નથી... નિદ્રા આવતી નથી... વેપાર વણજમાં પણ ચિત્ત લાગતું નથી. મનમાં વિચારે છે કે મેઘાશાને માર્યા વિના સુખ ક્યાંથી થાય ? માટે હવે મેઘાશાને મારે ઘેરબોલાવું અને ઝેર આપીને મારી નાખું. પણ હવે શું બહાનું કરીને એમને બોલાવું ? એમ વિચાર કરતાં નિર્ણય કર્યો કે મારી પુત્રી ગુણવંતી નામની છે. તેનો વિવાહ ઉત્સવ કરૂં અને નાત જમાડું. તે ઉપર મેઘાશાને બોલાવું. એમ વિચારી પુત્રીના વિવાહનું કામ ચાલુ કર્યું. મેઘાશાને બોલાવવા માણસોને મોકલ્યા તેમણે આગ્રહ ભરી વિનંતિ કરી કે તમે કુટુંબ સહિત પધારજો... તમારા જેવા સગા આવે તો વિવાહ શોભે. ત્યારે મેઘાશાએ તેમને કહ્યું – ‘‘હે ભાઇ ! મારાથી એક પલવાર પણ નીકળી શકાય નહીં, કેમ કે દેરાસરજીનું કામ હજી અધુરું છે તે પુરૂં કરવું છે. તમે આ બધું

જુઓ છો માટે મારાથી અવાશે નહિં. પણ કાજલશાની બેન તથા ભાણેજ છે તેમને તમે તેડી જાઓ.'' એમ કહી નરમાદે તથા મહિયા અને મેરુને આજ્ઞા આપી તેથી આવેલા માણસો તેડી ગયા, તેમની સાથે ભુદેસર ગામ ગયા. હવે કાજલશા આવેલી પોતાની બેનને કહેવા લાગ્યો કે ''મેઘાસા વિના નાત જમણ તથા વિવાહ કેમ શોભે ?'' એમ કહીને પોતે મેઘાશાને તેડવા ગયો. તે કાજલશા શ્રી ગોડી ગામે આવ્યો તેજ રાતે શ્રી ગોડીયા પાર્શ્વનાથજીનો અધિષ્ઠાયક દેવ (યક્ષ) તે મેઘાશાના સ્વપ્નામાં આવ્યો અને આવીને કહ્યું કે – ''આ કાજલશા આવેલો છે. તેના નામ જેવા ગુણ અને પરિણામ છે. તે તને દુધમાં ઝેર આપીને મારશે. માટે તું જઈશ નહીં. કદાચ તું જાય તો શ્રી ગોડીયા પાર્શ્વનાથજીનું નમણ સાથે લઈને જઈશ. ઝેરવાળું દુધ આપે તે તું પીએ તો તેની ઉપર તરત નમણ પી લેજે. એટલે ઝેર ઉતરી જશે.'' આટલું કહીને યક્ષ ગયો.

હવે સૂર્ય ઉગ્યો અને અંધકાર નાશ પામ્યો. મેઘાશાએ સ્વપ્નમાં જે વાત યક્ષદેવ કહી ગયો હતો તે જાગ્યા પછી ધારીને રાખી. હવે કાજલશા આવીને મળ્યો અને મેઘાશાને કહેવા લાગ્યો – ''મારી બેન અને મારા ભાણેજાને તમે મોકલ્યા પણ તમે કેમ ન આવ્યા ? તમે અમારા પુજનીક

છો... અમે તમારા બાળક જેવા છીએ. માટે મારા ઉપર કૃપા કરીને ત્યાં ચાલો. હઠ કરી શું બેઠા છો? જેમ સેનાપતિ વિના તથા હાથી વિના સેના શોભતી નથી તેમ તમારા વિના વિવાહ શોભે નહીં. હું ગોડીપુર નગરે આવ્યો છું તે તમને તોડ્યા વિના કેમ ઘરે જાઉં ? હે મહારાજ ! તમે હઠ કરી કેમ બેઠા છો ? મનનો મેલ મૂકો અને પ્રથમ જે જે મેં વચન તમને કહ્યા તે મારી ભુલ થઈ છે તે માફ કરો અને ચાલવાની હા કહો.'' ઉત્તમ પુરુષો પરોપકારી, વિનયવાન, કરૂણાવંત અને દયાળુ હોય છે. તેથી મેઘાશા પોતાના મનમાં વિચાર કરે છે કે ફલ્યો વૃક્ષ નમે છે અને (રાંઢવો) જાડો હોય તો પણ અતિ તાણ્યો તુટે છે. જો હઠ કરીને ન જાઉં તો સગાનો પ્રેમ તુટી જશે. એમ વિચારીને મેઘાશાએ કાજલશાને આવવાની હા કરી. પછી પ્રભુજીની પૂજા કરીને, જમીજુઠીને તે કાજલશાની સાથે ચાલ્યા. કાળા હૃદયવવાળો કાજલશા ઘણો ખુશ થયો કે મારું કામ સિદ્ધ થયું.

હવે ગોડી ગામથી ચાલતા ભુદેસર અર્ધો પંથ રહ્યો ત્યારે મેઘાશાને યાદ આવ્યું કે યક્ષદેવે કહેલું તે છતાં પણ શ્રી ગોડીયા પાર્શ્વનાથજીનું નમણ લેતાં હું ભુલી ગયો. હવે ભાવિ ભાવ જે બનવાનું હશે તે બનશે, તેમાં કાંઈ ફેર પડે તેમ નથી. એમ શાંતપણે તેઓ ચાલ્યા અને ભુદેસર ગામમાં ગયા ત્યાં

વિવાહનું કામ ચાલે છે. વર-કન્યાને પરણાવ્યા અને નાત જમાડી. પછી કાજલશાએ પોતાની સ્ત્રીને શિખવી દિધું જે આજે અમે સાળો બનેવી બે જણા સાથે ભેગા જમશું. એટલે મેઘાશા અને હું સાથે જમશું. જમ્યા પછી છેલ્લે તું ઝેર વાળું દુધ કરીને આપજે. તે વખતે હું કહીશ મને તો દુધની બંધી છે. આ અકૃત્યના વચનો સાંભળીને તે સ્ત્રી પોતાના પતિને કહે છે કે, ''હે પ્રાણનાથ ! આ મેઘાશા તમારો બનેવી અરિહંતનો ભક્ત છે અને ગુણવંત છે. એણે તમારૂં કાંઇ બગાડેલું નથી. તો મેઘાશાને મારીને વિશ્વાસઘાત કરીને શું તમે દુર્ગતિ જવાની ઇચ્છા રાખો છો ? મેઘાશા જે પ્રસિદ્ધિવાળો થયો છે તે તો પોતાના પુણ્યથી થયો છે.'' એમ કાજલશાની સ્ત્રીએ પોતાના પતિને શિખામણી આપી. છતાં પણ કાજલશાને દુર્ગતિમાં જવાનું હોય તો સદ્‌બોધ ક્યાંથી લાગે ? એટલે પોતાની સ્ત્રીના વચન તેણે માન્યા નહિં. જેનું નામ કાજલ તેને ઉજ્વલ ક્યાંથી થાય ? પછી સ્ત્રીને શિખામણ આપી ને કાજલશાએ પોતાના હાથે ઝેર દૂધમાં નાંખીને કહ્યું - ''જમતી વખતે આ દુધ તું પીરસજે, બીજું નહિં.''

ભોજન સમયે મેઘાશાની સાથે કાજલશા જમવા બેઠો. જમ્યા પછી કાજલશાની સ્ત્રીએ દુધ પીરસ્યું. કાજલશા

કહે છે આજે તો મારે દુધનો ત્યાગ છે. હું દુધ નહીં પીઉં એમ મેઘાશાને કહ્યું ત્યારે કાજલની સ્ત્રીએ મેઘાશાને હસીને કહ્યું – ''હે નણંદીઆજી ! આ દુધમાં ઝેર છે માટે પીઓ નહિં.'' એમ કહીને રસોડામાં જતી રહી. ત્યારે મેઘાશાને યક્ષની વાત યાદ આવી. હવે તે વિચારવા લાગ્યો –'' મારો નિયમ છે કે થાળીમાં આવેલું ભોજન છે તે એઠું છોડવું નહીં. તો ઝેરવાળું દુધ કેમ મુકાય ? માટે હું જાણું છું મારું આયુષ્ય પુરું થયું છે માટે જીવ જાય તો ભલે જાય પણ વ્રત ભાંગું નહિં.'' એમ વિચારીને તે દુધ પી ગયા. જે સમયે કાજલની સ્ત્રીએ કહ્યું ''જે દુધમાં ઝેર છે'' આ સાંભળી કાજળનું મન નારાજ થયું. જે મેઘાશા હવે દુધ પીશે નહિં એમ વિચાર કરે છે. એટલામાં મેઘાશાએ થાળી ઉપાડી દુધ પી ગયા. તેથી કાજલ ઘણો જ ખુશ થયો. પછી મેઘાશાના શરીરમાં ધીમે ધીમે ઝેર વ્યાપી ગયું. તે રાતે મેઘાશા શુભ ધ્યાનમાં કાળ કરીને દેવલોકને પામ્યા. પાંસઠ (૬૫) વરસનું આયુષ્ય પૂર્ણ કરી સં.૧૪૯૪માં સ્વર્ગે ગયા.

હવે કાજળની સ્ત્રી તુરત મૃગાદેવી પાસે જઈને સર્વ હકીકત કહી ત્યારે મૃગાદેવી અને તેના બે પુત્રો મોટી પોકાર કરતાં રોતાં રોતાં જ્યાં મેઘાશાનો પુદ્ગલ (દેહ) છે ત્યાં આવ્યા. મેઘાશાને મરેલા જોઈને મૃગાદેવીને –મૂર્છા આવી

ગઇ પછી ચેતન વળ્યા બાદ કાજળશાને મૃગાદેવી કહે છે – ‘‘અરે ભાઇ ! આ ભુંડું એવું કુલ હીણું... કુળને કલંક શું લગાડ્યું ? મારા ધણીએ તારું શું બગાડ્યું ? અને ભાઇ મેં પણ તારું શું બગાડ્યું છે જે મને રંડાપો આવ્યો. અને હું અબલા, મારા દીકરા બે હજી નાના છે... દેરાસરજીનું કામ પણ હજી અધુરું છે અને આવી કુબુદ્ધિ વિધાતાએ શું આપી? જગતમાં મોઢું કેમ બતાવીશ ? વિના અપરાધીને તે ઝેર આપીને મારી નાંખ્યો. આ પ્રમાણે મૃગાદેવી રડતી થકી કહે છે, તે પોકાર સાંભળીને નગરના લોકો એકઠા થઇ, આવું અકૃત્ય સાંભળી જોઇને તે પણ મેઘાશાના ગુણોને યાદ કરતા રડતા હતા. અને કાજલશાને ધિક્કાર દેતા હતા. હવે કાજલશા વિગેરે બધા સગાવાલાએ મેઘાશાનો અગ્નિ સંસ્કાર કરીને ઘરે આવ્યા. મૃગાદેવી પણ પોતાના પતિના ગુણ સંભારતી રડતી રડતી કહેવા લાગી – ‘‘હે દૈવ ! આ તે શું કીધું? મારી જેવી અબળાને પર્વત ઉપર ચડાવીને નીચે પછાડી. મહીઆ અને મેરૂનો બાપ શ્રી ગોડીયા પાર્શ્વનાથજીનું મંદિર સંપૂર્ણ કરશે... કલશ – દંડ ચડાવશે અને તેની સ્ત્રી હું તે પુણ્યવંતી કહેવાઇશ. એવી મારી આશા હતી. પણ આમાં કોઇનો જ વાંક નથી કર્મનો જ દોષ છે. જ્યારે દિનકર ઉગે ત્યારે દુનિયામાં સર્વે ખુશ થાય અને ઘુવડ

પક્ષી ખુશ ન થાય તે તો ઘુઅડના જ કર્મનો દોષ છે. વળી સરોવર ભર્યું હોય તેમાંથી જીવ જંતુઓ પાણી પીએને શાંત થાય છે અને જે ચાતક પક્ષી છે તે સરોવરમાંથી ચાંચ ભરીને પાણી પી શકતો નથી તો તેમાં સરોવરનો શું દોષ છે. તેમ બીજાનો શું દોષ છે ? મારા કર્મનો જ દોષ છે. સ્વામિનાથ જો પરદેશ ગયા હોય તો કોઇક વખત ભેગા થાય, પણ આ વાટે ગયા હવે ક્યાંથી મને ભેગા થાય આવા અનેક પ્રકારના વિલાપ કરતી એવી મૃગાદેવીને રોતી જોઇને કાજલશા કહે છે કે – ''હે બેન ! તું રડે છે પણ મેઘાશાનું આયુષ્ય પુરું થવા આવ્યું હશે તેથી મને પણ કુબુદ્ધિ ઉત્પન્ન થઇ અને દુનિયામાં કલંક લાગવાનું હતું તે મને લાગ્યું. કહ્યું છે કે વિનાશ કાળે વિપરીત બુદ્ધિ. એ વાત સત્ય થઇ. માટે હે બેન ! હવે તમે રડશો નહીં. હું તમારી પાસે માંગું છું. જે બનવાનું હતું તે બની ગયું. હવે કાંઇ ભેગો થવાય એમ નથી. આટલું કહયા છતાં પણ બેન મૃગાદેવી રડે છે. તેને ફરીને કાજલશા કહે છે – ''હે બેન ! આ સંસાર જન્મ-જરા અને મરણથી ભરેલો છે. અશાશ્વતી વસ્તુ ઉપર શું શોક કરવો. સુખ-દુઃખ જે લખ્યું હોય તે થાય. સંસારમાં એક આવે છે અને બીજો જાય છે. જેમ અરહટ્ટની માળા ભરાય છે અને ઠલવાય છે. તેમ સંસારમાં આ જીવ કર્મને આધીન છે ત્યાં સુધી પ્રાણી ઉપર

જન્મ-જરા-મરણ ચાલ્યું આવે છે. જ્યારે ચારિત્ર ઉદય આવશે અને તે થકી આ જીવ કર્મનો ક્ષય કરી મોક્ષે જાશે ત્યારે જીવ જન્મ-જરા-મરણથી મુકાશે. માટે હે બેન ! ધર્મમાં સાવધાન રહો. મારી પાસે દ્રવ્ય ઘણું છે. જોઇએ તેટલું આપું ખાઓ-પીઓને ધર્મકરણી કરો ચિંતા કરશો નહીં.

ત્યારે મૃગાદેવી કાજલશાને કહે છે - ''ભાઇ ! તારા નાણાને મારે શું કરવું છે. મારા પતિ પાસે નાણું શ્રી ગોડીયા પાર્શ્વનાથજીના અધિષ્ઠાયક દેવે જેટલું ખપે તેટલું આપેલું છે અને તેથી દેરાસરજીનું કામ ચાલુ છે. મારે નાણાનો કાંઇ ખપ નથી. મેં કોઇને વિયોગ પડાવ્યા હશે તેથી મારા પતિનો મને વિયોગ પડ્યો છે. એમાં મારા કર્મનો જ દોષ છે. એવી રીતે મૃગાદેવી બહેને કાજલશાને કહ્યું.

હવે કાજલશાનું અપકૃત્ય જોઇને પારકર દેશનો પરમાર રાજા સોઢા ખેંગાર રાજા છે તેણે કાજલશાને પ્રધાન પદ થકી ભ્રષ્ટ કર્યો અને કહ્યું કે તને દેશ બહાર કરવો જોઇએ પણ મૃગાદેવી બહેનના બાળકો હજી નાના છે તેથી તારે આ ગામમાં તો રહેવું જ નહીં. આવી રીતે રાજાનો તિરસ્કાર થયો. તેથી રાજાના હુકુમથી કાજલશા મૃગાદેવી બહેનની પાસે આવી કહેવા લાગ્યો કે - ''હે બહેન! આપણે ચાલો. શ્રી ગોડી ગામમાં હું પરિવાર સાથે ચાલીશ અને જે

દેરાસરજીનું કામ અધુરું છે તે આપણે પુરું કરીશું ને જગતમાં નામ રાખીશું.'' એમ કહીને કાજલશા પોતાની બહેન મૃગાદેવી તથા બે ભાણેજા એક મહીઓ અને બીજો મેરુ સહિત ગોડી ગામે આવ્યા અને દેરાસરજીનું કામ અધરું હતું તે પુરુ કર્યું. તે કામ મહિઆ અને મેરૂ સહિત સાથે રહી ચાલુ કરતાં કેટલેક વખતે દેરાસરજીની શિખર પુરી કરી ને યક્ષ દેવના કહ્યા મુજબ પ્રથમ પ્રભુને પબાસણ ઉપર પધરાવ્યા હતા અને ભર્યો કર્યો હતો. પણ શિખરનુંકામ અધુરું હતું તેથી દંડ અને કળશ ચડાવ્યા ન હતા. હવે દેરાસરજીના શિખરનું કામ પુરું થવાથી કાજલશાએ કળશ તથા દંડ ચડાવવા માટે શુભ મુહૂર્ત જોવડાવીને મહોત્સવ મંડાવ્યો. મુહૂર્તના વખતે કાજલશા શિખર ઉપર કળશ અને દંડ ચડાવે છે. તે ચડાવતાં ચડાવતાં ત્રણ વખત ફરી ફરીને નીચે ધરતિ ઉપર પડી ગયા. ત્યારે ઉદયપાલ ઠાકોર તથા મહાજન શ્રી ગોડીયા પાર્શ્વનાથજીની આગળ વિનંતિ કરી કે હવે આ દંડ અને કળશ સ્થિર કેમ રહેશે ? એવી રીતે ઉંચા પ્રકારની ધૂપ ઘટા કરીને અરજી કરી એટલે આકાશમાં અધ્ધર રહોને યક્ષદેવે... ખેતલવીરે અદશ્ય થઈને કહ્યું કે આ કાજલશાએ મેઘાશાને ઝેર દઈને માર્યો છે અને હવે પોતે યશ લેવા આવ્યો છે. તો એને હું યશ નહીં આપું. મેઘાશાના છોકરા મહીઓ અને મેરૂ

ભેગા થઈને બન્ને ભાઈ ચડાવશે તો આ દંડ અને કળશ સ્થિર રહેશે. હે ગોડીગામના ઠાકોર ઉદયપાલ સાંભળો – ''કાજલે મેઘાશાને માર્યો છે તે કારણથી આ દેરાસરજીમાં શ્રી ગોડીયા પાર્શ્વનાથજી થોડા વખત રહેશે અને જ્યારે તને સ્વપ્નમાં આવીને કહીશ ત્યારે તારે ઘેર લાવીને ભલી રીતે પૂજા કરજે.'' આવી તે દેવની વાણી સાંભળીને ઉદયપાલ ઠાકોર તથા મહાજન મળીને શેઠ મહિઆ અને મેરૂને બોલાવીને કહેવા લાગ્યા કે પ્રભુની કૃપા તમારા ઉપર થઈ છે માટે કલશ અને ધ્વજ ચડાવો. એટલે શેઠ મહિઆ અને મેરૂ બને ભાઈ મળીને કલશ અને ધ્વજદંડ ચડાવ્યો ત્યારે તે સ્થિર રહ્યા. સર્વત્ર આનંદ છવાયો. જય જયકારની નોબત વાગી. ત્યારે કાજલશાનું મોઢું કાળું થઈ ગયું. જ્યારથી શેઠ મહીઆ અને મેરૂએ કલશ અને દંડ-ધ્વજા ચઢાવી ત્યારથી મહાજન લોકોએ તેને ભેગા થઈ ગોઠીપણું કહેવા લાગ્યા કે આ પ્રભુના ખરા સેવક છે. પછી મહીઆ અને મેરુ, માતાજી મૃગાદેવી સાથે પ્રભુ ભક્તિમાં તલ્લીન રહે છે. હમેંશા સેવા ભક્તિ કરીને લાભ લેતા હતા.

હવે એક દિવસ મહિઆ અને મેરૂ પાસે મહાજનના પ્રતિનિધિઓએ આવીને અરજ કરી કે આપણા મહાજનમાં ચોવિસ ગોત્રવાળા શ્રાવકો છે માટે તેમને એક એક દેરીને

બંધાવવાની ઇચ્છા છે, માટે અમને આજ્ઞા આપો. બન્ને શેઠે એ પ્રમાણે આજ્ઞા આપી. તેથી મહાજનને મળીને ચોવિસ ગોત્રવાળાઓએ ફરતી દેરીઓ બંધાવી અને તે દેરાસરની રચના અતિ સુંદર કરી. રંડમંડપ કેવો શોભે છે? જાણે મોક્ષ નગરનો ધામ છે... ઠેકાણે ઠેકાણે કોતરણીવાળા સ્તંભ છે... શિખર જાણે દેવલોકના વિમાનની સાથે વાદ કરવા ઉભી થઇ હોય તેમ શોભે છે.

દેરાસરજી ઉપર ધ્વજદંડ ઉપર ધ્વજા ફરકે છે. તે જાણે ભવ્ય જીવોને બોલાવે છે. આવો... આવો... શ્રી ગોડીયા પાર્શ્વજીના દર્શન કરી પાવન થાઓ. આવી રીતે જિનમંદિર શોભી રહ્યું છે. ચોવિસ વટ્ટો તે ધાતુનો સવંત ૧૪૯૫માં સ્થાપન કર્યો. તથા શ્રી સંઘે ચોવીશ ગોત્રોની દેરીઓની પ્રતિષ્ઠા કરાવી. હવે જે સંઘ શ્રી ગોડીયા પાર્શ્વનાથજીની જાત્રા કરવા માટે આવે છે તેની પાસેથી ઉદયપાલ ઠાકોર મુંડકો લેતા નથી.

હવે તે ગોડીપુર ગામ સૂર્યપુરમાં ગોડીશા શેઠ છે નામ જેનું તે વસે છે. તેને ઉદયપાલ ઠાકોર સાથે બહુ વિશેષ પ્રીતિ છે. પછી તે ગોડીશા શેઠ ઠાકોરની આજ્ઞા લઇને માલવદેશે શ્રી ઉજ્જયણી નગરીમાં વેપાર માટે ગયા. ત્યાં ઘણો વખત રહીને વેપાર કરીને લાભ મેળવ્યો. એવામાં ઉદયપાલ ઠાકોર

પણ કોઇ કામ પ્રસંગે ઉજ્જયણી નગરીમાં આવ્યા ત્યાં ગોડીશા શેઠ તથા ઠાકોર એક બીજાને મળ્યા. પછી ઠાકોરે ગોડીશા શેઠને કહ્યું કે હવે આપણા દેશમાં ચાલો. ઘણો વખત થઇ ગયો. ત્યારે શેઠે ઠાકોરનું વચન સાંભળીને પોતાનું કામ સમેટિને પૈસા રોકડાં ગાંઠે લઇને ચાલ્યા. બન્ને મિત્રો જે ઉદયપાલ ઠાકોર તથા શેઠ બન્ને જણા ઘોડા ઉપર બેસી ઉજ્જયણીથી ચાલ્યા. ત્યાં માર્ગમાં જતાં તેમને રસીઆ નામનો કોળી ભેગો થયો. તે રસીઓ ગોડીશા શેઠ પાસે નાણું છે એમ જોઇને તંદુલ મચ્છની જેમ વિચાર કરવા લાગ્યોકે આ શેઠ દ્રવ્ય લઇને પોતાને ઘેર કેમ જાય ? એમ કપટથી નોકરની જેમ ઉદયપાલ ઠાકોર તથા શેઠની સાથે ચાલીને આવે છે. તે કોળી વિચાર કરે છે કે કોઇક અવસર મળે તો આ ગોડીશા શેઠને મારીને ધન લઇ જાઉં. આમ ચાલતાં ચાલતાં પારકર દેશમાં ગોડી ગામની નજીકમાં (સુર્યપુર)ના બગીચા પાસે આવ્યા અને પ્રભાત સમય થયો. નાસ્તો કરવા માટે ત્યાં વિશ્રામ લીધો. ત્યાં નજીકમાં એક વાવ છે. તેમાંથી ગોડીશા શેઠ પાણી લઇને દાતણ કરવા બેઠા અને ઉદયપાલ ઠાકોર થડની નીચે ઘોડો બાંધીને પાણી લેવા વાવમાં ગયા. એટલામાં રસીઓ જે કોળી છે, તે વિચાર કરે છે કે આ વખત બરાબર છે આમ વિચાર કરીને જ્યાં શેઠ દાતણ કરીને મોઢું ધુવે છે ત્યાં

આવીને રસીઓ કોળીએ ગોડીશા શેઠ ઉપર તલવારનો ઘા કર્યો. તેથી શેઠે મોટિ પોકાર કરી... રાડ પાડી. તે સાંભળી ઉદયપાલ ઠાકોર તુરત આવીને વિચાર કરે છે કે દાદા આ શું થયું ? એમ કુદકો મારતાં સોઢો જલ્દી ગોડીશા શેઠ પાસે આવી તેમને તરફડતા જોઇને રસીઆને પૂછ્યું. તે ગુન્હેગાર હોવાથી કાંઇ બોલ્યો નહીં ત્યારે સોઢાએ વિચાર કર્યો કે નાણાની લાલચથી રસીઆએ મારા પરમ મિત્રને મારી નાંખ્યો એમ વિચાર કરીને કોળીને તલવારથી તરત મારી નાંખ્યો. તે રસીઓ મરણ પામતો જોઇને ગોડીશાએ વિચાર્યુ જે ઠાકોરે સારું કર્યું. પછી ગોડીઆ શેઠની નજર તુરતમાં શ્રી ગોડીયા પાર્શ્વનાથજીના દેરાસરના શિખર ઉપર પડી. તેના શુભ ધ્યાનથી મરણ પામીને વ્યંતરની કાયમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં અવધિજ્ઞાનમાં પોતાનો પૂર્વભવ જોઇને શ્રી ગોડીયા પાર્શ્વનાથજીનો પૂર્ણ ભક્તિવાળો ગોડી પાર્શ્વ છે નામ જેનું એવો અધિષ્ઠાયક દેવ થયો. હવે ગોડી યક્ષ અને ખેતલવીર યક્ષ બન્ને ગોડીયા પાર્શ્વનાથજીના ભક્ત છે. તેથી બન્ને સ્વામીભાઇ થયા અને એકબીજાને મદદ કરતા થયા છે.

હવે ઉદયપાલ ઠાકોર શ્રી ગોડીયા શેઠ મરણ પામ્યા. પછી તેના પાસે જે દ્રવ્ય હતો તે લઈને, ગામમાં આવીને તે ગોડીશા શેઠના દિકરા તથા કુટુંબને બોલાવીને ધન

આપીને,ઉજ્જયની નગરીથી ગોડી ગામ સુધી બન્ને ચાલતાં આવ્યા તે બધો ઈતિહાસ સંભળાવ્યો. એ વાત સાંભળીને બધા કુટુંબીજનો રડવા લાગ્યા. ત્યારે ઉદયપાલ ઠાકોરે પણ કહ્યું કે મારો પરમમિત્ર ગોડીશા હતો તેથી મને પણ બહુ જ દુઃખ થાય છે. પણ ભાવિ આગળ કોઈનો ઉપાય નથી. હવે તમે સુખ-સમાધિથી રહો. જે ગોડીશાના પુત્ર પરિવાર છો તે તમે મારા જ પુત્ર પરિવાર છો. એના નિમિત્તે તમે ધર્મ ક્રિયાકરો. જ્યારે કામ પડે ત્યારે કહેશો તે હું કરી આપીશ. એમ કહી સહુને અશ્વાસન આપી ઘરે મુક્યા.

ત્યાર પછી કેટલોક વખત જતાં સંવત ૧૫૦૭ સાલમાં ગોડી યક્ષ ઉદયપાલ ઠાકોરની પૂર્વભવની પ્રીતથી અને ખેતલવીર યક્ષની સહાયથી શ્રી ગોડીયા પાર્શ્વનાથજીની પ્રતિમા લઈને ઠાકોરજીને સોંપીને કહ્યું કે - ''આ પ્રતિમાની સેવા પૂજા ભક્તિ વિગેરે તમે કરજો અને યાત્રાળુ કોઈ પણ આવે તો તેને દર્શન પૂજા કરવા આપશો જાત્રાળુ પાસેથી કોઈ પણ પ્રકારનો લોભ રાખીને મુંડકો વિગેરે કાંઈપણ પૈસા લેશો નહીં. જો લેશો તો પ્રતિમાજી અલોપ થઈ જાશે. આ પ્રતિમાજીની સેવા ભક્તિ કરશો તો હું તમને તથા સંઘને અવશ્ય સહાય કરીશ. હું તારો મિત્ર ગોડીશા શેઠ મરીને પાર્શ્વનાથજીનો ગોડી યક્ષ થયો છું. શુભધ્યાનથી તેનો ભક્ત

થયો છું. તારા પ્રેમથી આ પ્રતિમા તને સોપું છું. આવી રીતે ગોડી યક્ષ પ્રતિમાજી દઇને અદ્રશ્ય થયો. ત્યારે ઠાકોર ઉદયપાલે વિચાર્યું કે દંડ અને કલશ ચડાવતી વખતે ખેતલવીર યક્ષે સંઘ સમક્ષ કહ્યું હતું કે – ‘‘આ પ્રતિમા દેવળની બહાર રહેશે તે વાત સત્ય થઇ. હવે મારા મોટા પુણ્યના ઉદયથી મારા મિત્ર ગોડીયા યક્ષ દેવે મને પ્રતિમાજી આપી છે. માટે એના કહ્યા પ્રમાણે સેવા ભક્તિ કરી લાભ લઉં.

હવે આ વાતની દેશ–પરદેશમાં લોકોને ખબર પડી કે ગોડીયા પાર્શ્વનાથજીની પ્રતિમા દેરાસરમાંથી અલોપ થઇ ઉદયપાલ ઠાકોરના ઘરમાં પ્રગટ થઇ છે. તેથી દેશ–પરદેશથી સંઘ કાઢીને જાત્રા કરવા આવવા લાગ્યા. કેટલાક લોકોની પ્રભુના ધ્યાનથી મનની તથા શરીરની વ્યાધિ નાશ થતી અને પ્રભુના ધ્યાનથી મનની ઇચ્છાઓ પૂર્ણ થાય છે. નિર્ધનીને ધનની પ્રાપ્તિ થાય છે... અપુત્રીયાને પુત્રની પ્રાપ્તિ થાય છે... કાયરને શુરવીરતા આપે છે. વધારે શું કહેવું ? પણ જે ગોડીયા પાર્શ્વનાથજીનું ધ્યાન કરે છે તેની ગોડીયા વ્યંતર દેવ સહુની આશા પુણ્યપ્રકૃતિ પ્રમાણે પૂર્ણ કરે છે. ખેતલવીર પણ નવા નવા રૂપે નગરની રક્ષા કરે છે. નવા નવા પ્રકારે પ્રભુને રૂપ પણ બતાવે છે. કોઇકવખત નીલા ઘોડા ઉપર અસવાર થઇને હાથમાં હથિયાર લઇને પ્રભુના રૂપે દેખાડે છે... ક્યાંક

બાલકરૂપે દેખાડે છે... ક્યારેક યોગીશ્વરનું રૂપ દેખાડે છે... વળી કોઇ વખત મણીધર રૂપ દેખાડે છે. એવી રીતે ખેતલવીરપણ પ્રભુના વિવિધ રૂપો કરીને ચમત્કાર દેખાડે છે. અને ત્યાં જાત્રા કરવા લાંબા લાંબા સ્થલ માર્ગથી જાત્રાળુ આવે છે. તેમને રસ્તામાં ચોર ચરક વિગેરે વિઘ્નોનો નાશ કરે છે... કોઇનું બળ ચાલી શકતું નથી... સંઘને ભય આપી શકે નહિં... રાતના સંઘ ભૂલો પડે તો શ્રી ગોડીયા પાર્શ્વનાથનું નામ લેતાં જ પ્રભુનો ભક્ત ખેતલવીર યક્ષ તત્કાળ મશાલલઇને આગળ ચાલીને રસ્તે ચડાવીને ઇચ્છિત ઠેકાણે પહોંચાડે છે. વળી કોઇક સંઘ જલમાર્ગે વહાણમાં બેસીને આવતા હોય... તોફાનથી વહાણ ડૂબતું હોય તો પ્રભુનું ધ્યાન ધરવાથી તેજ વખતે તોફાન શાંત કરી વહાણને ચલાવી આપે. આ ગોડીયા પાર્શ્વનાથજીને સઘળા અસુર દેવતાઓ... સુર દેવતાઓ... મનુષ્યોના રાજાઓ પણ પ્રભુને સેવે છે. પ્રભુજીની મર્યાદા લોપતા નથી. વળી શ્રી ગોડીયા પાર્શ્વનાથજીના ધ્યાનથી ઝેરનો ભય... વૈરીનો ભય... શરીરનો રોગ... પીડા તથા અરણ્યના સિંહ વિગેરેના ભય નાશ પામે છે. યાત્રાળુ જાત્રા કરવા આવે તેને ખેતલવીર યક્ષ તથા ગોડી યક્ષ પાંચ દિવસથી વધારે રહેવા દેતા નથી. વળી

ગોડીયા પાર્શ્વનાથજીના ધ્યાનથી - સ્મરણથી અટવીમાં સર્વ ઈચ્છિત કાર્ય થાય છે. પરંતુ ગાઢ-આકરા કર્મોદયથી કદાચ કાર્ય ન થાય તો પણ નામ સ્મરણથી ને પ્રભુજીની ભક્તિથી સમકિતતો અવશ્ય નિર્મળ થાય છે. પ્રભુ ભક્તને સ્વર્ગ કે મોક્ષની પ્રાપ્તિ થાય છે. માટે હે ભવ્ય જીવો ! દ્રવ્યથી સત્તર પ્રકારી પૂજા અને ભાવથી ગુણોની સ્તવના કરવી.

આ શ્રી ગોડીજી પાર્શ્વનાથજીનો વૃત્તાંત અનેક પુણ્યાત્માઓએ સમયે સમયે લખ્યો છે. એમાં ક્યાંક વિવિધતા પણ જોવા મળે છે. આ વૃત્તાંત ખરો જાણવો. સંપૂર્ણ તપાસીને ક્યાંય અતિશયોક્તિ ન થાય અથવા અસત્ય ન લખાય એ માટે સાવધાન રહીને આ વૃત્તાંત લખ્યો છે. તેથી હે ભવ્ય જીવો! હે સજ્જનો આ વૃત્તાંત સાચી રીતે... સારી રીતે શ્રદ્ધા કરવા યોગ્ય છે.

